6745

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

## હવે પછીનો સંયુક્ત અંક

માસિકનો આ બારમો અંક છે. આ અંક પછી "કલ્યાણ" પાંચમા વર્ષમાં પ્રવેશ કરે છે. નવા વર્ષની શુભ શરૂઆત સંયુક્ત અંકથી થશે. હવે પછીનો ૧ લો-૨ જો સંયુક્ત અંક તા. ૧૫-૪-૪૮ ના રોજ પ્રગટ થશે. તેની ગ્રાહક બંધુઓ નોંધ લે!

## લવાજમ પુરૂં થાય છે.

જે ગ્રાહક બન્ધુઓ વર્ષની શરૂઆતથી ગ્રાહક થયા છે, તેઓનું લવાજમ આ અંકે પુરૂં થયું છે. જેઓનું લવાજમ પુરૂં થયું છે તેઓના અંકમાં લાલ શાહીથી છાપેલી કાપલી મૂકવામાં આવી છે. વહેલાસર વાર્ષિક લવાજમના રૂા. ૪-૦-૦ મોકલી આપવા મહેરબાની કરશો. ગ્રાહક મહાશયો પાસે આશા રાખીએ કે, પોષ્ટનો નાહક ખર્ચ અમને નહિ કરાવે. ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ભાવના ન જ હોય તો પોષ્ટકાર્ડ લખી અમને વહેલાસર જણાવશો. પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિ.


વર્ષ ૪ થું; : સંપાદક : ફેબ્રુઆરી ૧૯૪૮

અંક ૧૨ મો સોમચંદ ડી. શાહ મહા-૨૦૦૪

અંક બારમો: મહા-૨૦૦૪

## અ નુ ક્ર મ ણિ કા.


જીવનનું યૌવન —ક્ર૦ ૪૦૭
દ્રવ્યગુણપર્યાયનો રાસ ... ...
પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. ૪૦૮
હું, કાકા ને ફીકાભાઇ શ્રી ચાણક્ય ૪૧૨
તવારીખની તેજછાયા ... ...
પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મ. ૪૧૬
આસ્તિકતાનું નિરૂપણ ... ...
પૂ. આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. ૪૧૯
લોક કહેવતોમાં સુભાષિતો ... ...
પૂ. મુનિરાજશ્રી મહીમાવિજયજી મ. ૪૨૧
માનવીનું જીવન ધ્યેય —શ્રી મફતલાલ સંઘવી ૪૨૩
સમ્યગ્દર્શન ડો. વલ્લભદાસ નેણશીભાઇ ૪૨૫
મહાઅમાત્ય જંબૂ ... ... ...
શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૪૨૭
કેટલુંક જાણવા જોગું શ્રી પ્રશાંત ૪૩૧
લોભીદાસને શ્રી પ્રશાંત ૪૩૫
વર્ષની વિદાય —સંપાદક ૪૩૬
મોંઘો ન્યાય શ્રી રવિશંકર મ. મહેતા ૪૩૭
વિષય દર્શન ... ... ... ૪૪૦



### અમારાં પ્રકાશનો

| | રૂ. આ. પા. |
|---|---|
| વિશ્વવિભૂતિઓ | ૦–૩–૬ |
| પ્રાચીન સ્તવનાવલી | ૧–૮–૦ |
| હૃદયના તાર | ૦–૨–૬ |
| અપરાજિત કથાનકં | ૦–૬–૦ |
| સકલાર્હત સ્તોત્ર | ૦–૬–૦ |
| જૈન શકુનાવલી | ૦–૬–૦ |
| લઘુ અવચૂરિ છ્રુપાદ | ૧–૦–૦ |

સર્વેમાં પોસ્ટેજ અલગ લીસ્ટ મંગાવો

**શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા**

**મુ. ગારીયાધાર** વાયા દામનગર :[કાઠીયાવાડ].

# સાત વર્ષનું બોનસ

ભવિષ્ય માટે સંપૂર્ણ જોગવાઈ રાખીને ૧૯૪૦ થી ૧૯૪૬ ના દરેક વર્ષ માટે, નફાવાળી પોલીસીને વિમાની રકમના રૂ. ૧૦૦૦ દીઠ, પોલીસીની મુદતના પ્રમાણમાં રૂ. ૧૦ થી વધીને રૂ. ૧૫ સુધીનું વચગાળાનું બોનસ આપવાનું અમે જાહેર કર્યું છે.

# ગ્રેશમ

## જીંદગીના વિમા ઉતારનારી સોસાયટી, લીમીટેડ.

**સ્થપાઇ સને ૧૮૪૮ માં.**

**કુલ અસ્કયામત .........રૂ. ૧૭,૦૦,૦૦,૦૦૦**

**ચુકવાએલા કલેઇમ્સની કુલ રકમ......રૂ.૭૬,૦૦,૦૦,૦૦૦ ઉપરાંત**

હિંદ, બર્મા અને સીલોન માટેની **હેડ ઓફીસ :—**

**ગ્રેશમ એન્શ્યુરન્સ હાઉસ,** સર ફીરોજશાહ મહેતા રોડ, **મુંબઇ**

ગુજરાત, કાઠીઆવાડ, સેન્ટ્રલ ઇન્ડીઆ અને રજપુતાના માટેની

**ચીફ ડીસ્ટ્રીક્ટ ઓફીસ**—ભદ્ર, પોસ્ટબોક્ષ નં. ૬૦, **અમદાવાદ.**

ઑરગેનાઇઝર:—**નરહરિ એમ. ઓઝા—પા લી તા ણા.**

હવે પછીનો ૧ લો ૨ જો સંયુક્ત અંક તા. ૧૫-૪-૪૮ ના રોજ પ્રગટ થશે.

કલ્યાણ
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

વર્ષ ૪ થું; અંક ૧૨
૨૦૦૪-મહા 7 3
લવાજમ; રૂા. ૪-૦-૦

## જીવનનું યૌવન — ક૦

આપત્તિ કે સંપત્તિ, સુખ કે દુ:ખઃ—જીવનની આ બધી ધૂંવ-છાપ જેવી રમત છે. માનવ એ મહાન છે; કારણુ તે સુખી છે એ નહિ, પણુ દુઃખોના અભેદ પહાડોને ઓગાળી નાંખવાની એનામાં મહાન શક્તિ છે. સુખોનો એ સ્વામી બની શકે છે, અને દુઃખોમાં અદ્ભુત આત્મસ્વાસ્થ્ય એ જાળવી શકે છે. દુઃખોનાં મહાન વાદળોને વીખેરી નાંખવાની અપૂર્વસિદ્ધિ આવા સમાધિસ્થ આત્માઓને વરેલી હોય છે.

તમે જ્યારે દુઃખથી ચારે બાજુ ઘેરાયેલા હો ત્યાંજ તમારા જીવનની સાચી કસોટી છે. સુખ એ જીવનની વૃદ્ધાવસ્થા છે. જ્યારે દુઃખ ભોગવવાની આત્મશક્તિ તે જ જીવનનો ઉગતો કાળ અર્થાત્ જીવનનું યૌવન, જીવનની શક્તિઓને વધુને વધુ પાંગરવા માટેનો આ કાળ, જીવનને જીવતાં શીખવે છે.

દુઃખો, આપત્તિઓ કે સંકડામણોમાં તમારે નિરાશ બનવાનું હોય નહિ. મુશ્કેલીઓ એજ મર્દની શોભા છે. આફત એ યૌવનનો અલંકાર છે. પણુ એમાં તમને તમારા દુષ્કર્મોનો ડંખ હોવો જોઇએ. ચારે દિશામાં પથરાયેલા ધૂમ્મસમાંથી માર્ગ કાઢવો એ ધીર પુરૂષનો ધર્મ છે.

આપત્તિઓની સ્હામે જે આત્મસ્થૈર્ય કેળવી જાણે છે, તે કોઇદિવસ જરૂર વિજય મેળવી શકે છે. પણુ જે દુઃખોથી ડરી, કાયર બની આત્મભાન ગૂમાવી દે છે તે તો સદા પરાજિત જ રહેવાનો.

જગતના મહાનપુરૂષોનાં જીવનનો જો આપણે અભ્યાસ કરીએ તો સ્હમજી શકાશે કે, એ લોકોએ કેટ-કેટલા દુઃખો સહન કર્યાં હતાં? કેટ-કેટલા પરિષહો અને ઉપસર્ગોની સ્હામે તેઓ મેરૂની જેમ અડોલ અને સાગરની જેમ ગંભીર બની રહ્યા હતા?

એ મહાન પુરૂષોએ હંમેશા દુઃખને આવકાર્યું છે. ઉપસર્ગો કરનારને વધાવ્યા છે, ત્યારે જ એ મહાત્મા બની શકયા. જગતનો ઉદ્ધાર કરવાની મહાન સિદ્ધિ તેઓ પ્રાપ્ત કરી શકયા, માટે જ દુઃખોને સમભાવે વેદી જાણવામાં જીવનની મહત્તા છે. જ્યારે જ્યારે તમે દુઃખી હો અને તમને કોઇ પૂછે કે, 'તમે કેમ છો? તે વેળા મુખને પ્રસન્ન રાખી, ધીર હૃદયે એમ કહેજો કે, હું દુઃખી નથી, સુખી છું, મારા જેવો સુખી કોઇ નથી; કારણુ; દુઃખોને ધીરતાથી ભોગવવાની મારામાં શક્તિ છે. માટે જ વિજેતાનો આનંદ આજે હું માણી રહ્યો છું'

તમે જે કાંઇ ભૂતકાળમાં ઉપાર્જ્યું છે, એને ભોગવવાનો આવો સુઅવસર તમારે માટે આનંદનો મહાન દિવસ ગણાય. તો જ તમે આત્માના અખૂટ સામર્થ્યને મેળવી, જરૂર સંસારને જીતી જશો.

આવા જ એક પ્રસંગને ઉજવી જાણવા માટે એક કવિએ ગાયું છે;

'મનવા થા નિર્ભય મસ્તાન, દુઃખ દુઃખ તું શીદ કરે ઓ, દુઃખ સહે એ મહાન...

# દ્રવ્યગુણપર્યાયનો રાસ:

પૂ. મુનિરાજ શ્રીમદ્ મુક્તિવિજયજી મહારાજ

આ લેખમાળાના નિષ્કર્ષરૂપે આ લેખનું ઘડતર છે. પૂ. મહારાજશ્રીએ આ અંકે દીર્ઘકાળથી ચાલતી લેખમાળાને પુરી કરી છે. આ લેખમાળાને પુસ્તકરૂપે તૈયાર કરી, પાંચમા વર્ષના "કલ્યાણ"ના ગ્રાહક મહાશયોને ભેટ આપવા વિચાર રાખ્યો છે. તા. ૧૫-૩-૪૮ પછી જે ગ્રાહકો થશે તેને ભેટના પુસ્તકનો લાભ મળવા સંભવ નથી. **સં.**

અત્યારસુધી આપણે એ જોઈ આવ્યા કે, જૈન-શાસનના વ્યવહાર-નિશ્ચય ઉભય નય એ આદરણીય અને આચરણીય છે. એમાંથી એકને પણ ઓછું મહત્ત્વ આપનારો કે ઉચ્છેદ કરનારો જાણે-અજાણે પ્રભુશાસનના મૂળમાં કુહાડાના ઘા કરનારો છે.

હવે આપણે એ વિચારવું છે કે, એકલા નિશ્ચયનેજ માનવાનો દાવો કરનારા શ્રી કાનજીસ્વામીજીના કપોલકલ્પિત મતમાં અને સર્વજ્ઞ સિદ્ધાંતમાં શું શું તફાવત છે? જોકે સ્વામીજી જે વાત રજુ કરે છે તે વાત જૈનશાસનના એક અંશરૂપ હોવાથી સાપેક્ષ દૃષ્ટિએ સાચી છે; પણ એક અંશને તેઓ સંપૂર્ણ અને સાંગોપાંગ શાસન તરીકે ઓળખાવવાની ભયંકર ભૂલ કરતા હોવાથી સમુદ્રના એક બિંદુને સમુદ્ર કહેનાર જેમ જુઠ્ઠો ઠરે છે, તેમ પ્રસ્તુત માન્યતામાં સ્વામીજી જાણે-અજાણે ઉન્માર્ગ પ્રરૂપણા પોષક અને પ્રચારક ઠરે છે તેમનું નિરૂપણ ઉન્માર્ગગામી કઇ રીતે છે, તે આપણે ટુંકમાં તપાસીએ અને દીર્ઘકાળથી ચાલતી પ્રસ્તુત લેખમાળાને પૂર્ણવિરામ આપીએ.

તેમના સિદ્ધાંતો અનુક્રમે નીચે મુજબ છે, જે આપણે ખંડન પુરસ્સર વિચારીએ.

૧. પુણ્ય એ જડ છે અને મુક્તિમાં કારણ કે સહાયક નથી,

૨. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકેજ નહિ એ આધારે પણ પુણ્ય એ મુક્તિમાં સાધક નથીજ.

૩. ખાવું, પીવું, પ્હેરવું, ઓઢવું કે દુન્યવી ભોગ ભોગવવા એ જડ ક્રિયા છે અને એ આત્માને લેશમાત્ર પણ નુકશાનકર્તા નથી. એજ રીતે દેવદર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ કે દાન-શીલાદિ ક્રિયાઓ પણ જડ ક્રિયાઓ છે, અને એ આત્માને લેશમાત્ર પણ લાભકર્તા નથી.

૪. જે કાળે જે દ્રવ્યનો જે પર્યાય થવાનો હોય તે કાળે તે દ્રવ્યનો તે જ પર્યાય થાય.

૫. સ્વરૂપ રમણતા કે જે નિર્વિકલ્પ ધ્યાનસ્વરૂપે છે તેજ ધર્મ છે, બીજું બધુંજ અધર્મ છે.

આ ઠેકાણે અમારે લાખ-લાખવાર અફસોસ-પૂર્વક કહેવું પડે છે કે, સ્વામીજી ઉપરની માન્યતા સ્વકલ્પિત હોવા છતાં જે જિનના નામે ચઢાવે છે તે ખરેખર બનાવટી સીક્કા ઉપર શહેનશાહની છાપ મારવા જેવું ઘણું જ અઘટિત અને અનિચ્છનીય આચરણ છે; જોકે આ માન્યતાને જિનના નામે પોતે ન ચઢાવે તો એમના વાડામાં ભોળા સ્ત્રી-પુરૂષો પૂરાય શી રીતે? અસ્તુ; આપણે તો ઉપરની એકએક વાતને દલીલ પૂર્વક વિચારીએ.

(૧) પુણ્ય એ મુક્તિમાં સહાયક કે કારણરૂપે નથી, તો દેવ, નારકી કે તિર્યંચો સીધા જ મરીને મોક્ષમાં કેમ જતા નથી? મોક્ષમાં જવા માટે મનુષ્ય ભવનીજ આવશ્યકતા ઠામ-ઠામ કેમ સ્વીકારી? શું મનુષ્ય શરીર પુણ્યથી નહિ મળતાં પાપથી મળે છે? વિના પુણ્યે મનુષ્યભવ નથી મળતો એ વાત સઘળાયે આસ્તિક દર્શનકારોએ એકી અવાજે સ્વીકારી છે. જોકે પુણ્ય-પાપના ક્ષયથી મુક્તિની પ્રાપ્તિ છે; તેમ છતાં પણ એ વાત ભૂલવા જેવી નથી કે, પાપ એ મળ છે, પુણ્ય એ એરંડીઉં છે. પાપ એ ગુમડું છે, પુણ્ય એ એના નાશ માટેની મલમપટ્ટી છે. પાપ એ આત્મ-મિલ્કતને લુંટનાર ચોર છે, જ્યારે પુણ્ય એ ચોરને હાંકી કાઢનાર પોલીસ છે. મળ નીકળી ગયા પછી એરંડીઉં જેમ આપોઆપ નીકળી જાય છે અને ચોરને હાંકી કાઢ્યા પછી ચોરની સંભાવના ન હોયતો પોલીસને કોઇ રાખતું નથી, તેમ પાપના ક્ષય સુધીજ પુણ્ય રહે છે. જ્યારે પાપ સર્વાંશે ક્ષય પામી જાય છે ત્યારે પુણ્ય તો એની મેળાયે પલાયન થઇ જાય છે; માટે મુક્તિની સાધનામાં પુણ્યની એકવાર નહિ પણ અનેકવાર આવશ્યકતા છે એ વાત પ્રત્યેક આરાધક આત્માએ પોતાના હૃદયપટ પર કોતરી રાખવા જેવી છે.

બીજી એક એ વાત પણ છે કે, શાસ્ત્રોમાં ઠામ ઠામ પાપ-કર્મનો નાશ કરવાનું ફરમાન કરવામાં આવ્યું છે; પણ પુણ્યકર્મનો નાશ કરવાનું કોઈ ઠેકાણે ફરમાવ્યું નથી. એટલું જ નહિ પણ ઉપરથી એવું વિધાન કરવામાં આવ્યું છે. શબ્દ અને અર્થ ઉભયથી શાશ્વત એવા નમસ્કાર મહામંત્રમાં **सव्व पावप्पणासणो** એમ ફરમાન છે, પણ **सव्व कम्मप्पणासणो** કે **सव्वपुण्णप्पणासणो** એ જાતિનું ફરમાન નથી. એ જ રીતે **तस्स ऊत्तरी** આદિ સૂત્રો પણ ઉપરની વાતને સિદ્ધ કરતાં **पावाणं कम्माणं निग्घायणट्ठाए** આદિ પાઠોદ્વારાએ પાપ-કર્મોના નાશ કરવાનું જ ફરમાવે છે, નહિ કે સર્વ કર્મનો કે પુણ્યકર્મનો.

( ૨ ) એક દ્રવ્યના ગુણપર્યાયો એ બીજા દ્રવ્યના ગુણપર્યાયસ્વરૂપ નહિ થવા એક દ્રવ્યના ગુણ પર્યાયના પલટવામાં બીજાં દ્રવ્યો અવશ્ય સાધક કે બાધક બને છે. જેમકે, અગંધક કુળના નાગનો ડંખ માણસના મરણમાં કારણ છે. અને આત્માના અન્યત્ર ગમનમાં પણ કારણ છે. એ જ રીતે ઝેરી ઇંજીક્શનો, અફીણ, સોમલ વિગેરે ઝેરી પદાર્થો પણ શરીર અને આત્માના વિયોગમાં કારણ છે.

ઓપરેશન કરતાં પહેલાં સુંઘાડવામાં આવતું ક્લોરોફોર્મ, સ્વસ્થ માણસથી પીવાએલો દારૂનો એકાદ પાલો અને ચામડી કાપવા માટે આપેલ ઈંજીક્શનો માણસની ભાન ભ્રષ્ટતામાં અચુક સાધક થાય છે.

અરે, ખુદ સ્વામીજીનું જ દૃષ્ટાંત લઇએ. જ્યારે પોતે તાવ આદિથી બિમાર પડે છે કે તેમના શરીરે ગડગુમડ આદિ થાય છે ત્યારે અમુક જ ડોક્ટર શા માટે? તેમ જ અમુક જ દવાનો ઉપયોગ શામાટે? શરીરના રોગથી દવા કે મલમપટી જેમ ભિન્ન છે તેમ મિષ્ટાન્ન કે શરીરની રસી પણ ભિન્ન જ છે. હવે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું જ નથી, તો તાવમાં મિષ્ટાન્ન કેમ લેતા નથી? ગડગુમડ ઉપર શરીરની રસી કેમ ચોપડતા નથી? ગિરનાર ચઢતાં ડોળીનો ઉપયોગ શામાટે કરે છે? ઉપરની બાબતો જોતાં એમ લાગે છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરતું નથી, એ તો બોલવા જ પુરતું છે નહિ કે આચરણ પુરતું.

જો ખરેખર આચરણમાં પણ એ માન્યતા નક્કર સત્યરૂપે સ્વીકારી હોય તો ભોળા લોકોને ફસાવવા માટે સોનગઢમાં મફત રસોડાં કેમ? પોતાનું 'આત્મધર્મ' છાપું ઓછું ખપતું હોવાથી ભક્તો પાસેથી પૈસા કઢાવી એની મફત વહેંચણી કેમ? અને અધુરામાં પુરું પેપરમાં એ પણ રૂદન તો ચાલુ જ છે કે, એક વાર સોનગઢ આવો, સ્વામીજીને રૂબરૂ સાંભળો, જરૂર પામી જશો; સ્વમતને વધારવા માટે થતું આ બધું તોફાન જ એક દ્રવ્ય બીજા દ્રવ્યોમાં સહાયક છે એ બતાવવા પુરતું છે.

ન્યાયની રીતિએ વિચારતાં તો અમે સ્વામીજી અને તેના અનુયાયીઓને કહીએ છીએ કે, તમારા આશ્રમમાં પ્રથમ આવનાર એક મહિનો રહ્યા પછી તમારી 'હા' માં જેમ 'હા' પાડવાથી તમારા મતે સમકીતી બની જાય છે તો ત્યાં મિથ્યાત્વના કાળમાં તમારૂં સંભળાવેલું સામાને ( મિથ્યાત્વ સહચરિત હોવાથી ) અજ્ઞાનરૂપે પરિણમે છે છતાં એ અજ્ઞાન તમારા માનેલા સમ્યક્ત્વમાં કારણભૂત બને છે તેમ અરિહંતના શાસનની દેવપૂજા આદિ પવિત્ર ધર્મક્રિયાઓ પણ અર્થી આત્માઓને સમ્યગ્દર્શનમાં અવશ્ય કારણભૂત બને જ છે. કેમકે ન્યાયની દૃષ્ટિએ વિચારતાં બન્ને ઠેકાણે યુક્તિનું સાદૃષ્ય છે. પછી સ્વામીજીનો એવો જ સિદ્ધાંત હોય કે, 'આપકી લાપસી ઓર પરાઇકી કુસ્કી'. તો તો અમે પણ નિરૂપાયજ છીએ.

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શકે જ નહિ. એ માન્યતાના આધારે નીચેની માન્યતા સિદ્ધ થાય છે. જે સ્વામીજી પોતાના 'આત્મધર્મ' નામના પત્રમાં છડેચોક નિરૂપણ કરે છે.

'હાલ કાશ્મીરમાં હિંદ અને પાકીસ્તાનને ઘનઘોર યુદ્ધ ચાલે છે. હિંદી લશ્કરના ઘોડેસ્વારો પાકીસ્તાનવાળાને કાપે છે, પાકીસ્તાનીઓ હિંદી લશ્કરવાળાને કાપે છે. એમ પરસ્પર કાપાકાપી ચાલુ જ છે; પણ અહિં સ્વામીજી તો પોતાના સિદ્ધાંત મુજબ એમ કહે છે કે, એક ઘોડેસ્વારે બીજા ઘોડેસ્વારને તલવારથી કાપી નાખ્યો એ માનવું એ પણ મિથ્યાત્વ છે. દરેક દ્રવ્યના ગુણપર્યાયો સ્વતંત્ર છે. મારનાર

ઘોડેસ્વારનો ઘોડો આમતેમ ઘુમે છે એ ઘોડાનો પર્યાય, એના ઉપર બેઠેલો માણસ આમતેમ ફરે છે એ માણસનો પર્યાય; અને એ માણસના હાથમાં રહેલી તલવાર જે ઉંચી-નીચી થાય છે એ તલવારનો પર્યાય; અને એ તલવારથી સામાનું ગળું જે ઉડી ગયું એ એના શરીરનો પર્યાય. પણ ત્યાં તલવારથી સામો મરી ગયો એ માનવું એતો ઘોર પાપ છે.' જિનના નામે ચઢાવેલી સ્વામીજીની સ્વકલ્પિત આ માન્યતા કેટલી પોકળ છે એ વિચારવાનું કામ અમે અમારા સુજ્ઞ વાંચકોને સોંપીએ છીએ.

એજ રીતે કોઇ વ્યભિચારી પુરૂષ કોઇ સ્ત્રીની જોડે અનાચાર સેવે અને એ સ્ત્રીને ગર્ભ રહે તો એ પુરૂષના વ્યભિચારથી ગર્ભ રહ્યો એ માનવું એ પણ મિથ્યાત્ત્વ છે. એ બાઇ પોતાનું પાપ છુપાવવા ગર્ભને ગાળી નાંખવા બીજું પાપ કરે અને ગર્ભ મરી જાય તોપણ એ બાઇએ ગર્ભને ગાળી નાખ્યો કે મારી નાખ્યો એ પણ સ્વામીજીના મતે મિથ્યાત્ત્વ જ છે. કારણકે, ઉપરની વાતમાં સ્વામીજીના મતે વ્યભિચારી પુરૂષનું શરીર અને આત્મા એ ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. એજ રીતે વ્યભિચારીણી સ્ત્રી અને ગર્ભમાં આવેલ બાળકનું પણ સમજવું. દરેકના આત્માના અને શરીરના પર્યાયો જુદા જુદા છે. પછી એમ કેમ જ કહેવાયકે, અનાચારથી બાળક ગર્ભમાં આવ્યું, અમુક ખવડાવવાથી ગર્ભ મરણ પામ્યો વિગેરે. સ્વામીજીની ઉપરની ફીલોસોફી સંસારમાં લ્હેર કરનારા માટે કેવી મજેની છે, જેને સંસારમાં ખુબ ખુબ લ્હેર કરવી હોય એને અમે કહીએ છીએ કે, સ્વામીજીની ઉપરની વાત તમને ગમી જવાની, પણ ધ્યાન રાખજો કે, એમાં જિન આણાનો સ્પષ્ટ ભંગ થતો હોવાથી હાટકાં ભાંગી જવાનાં છે.

(૩) ખાવા-પીવાની, પહેરવા-ઓઢવાની કે દુન્યવી ભોગો ભોગવવાની ક્રિયા એ જડ ક્રિયા છે, એ જાતિનું નિરૂપણ થવાથી સ્વામીજીના ભવાભિનંદી ભક્તોને બહુ જ લ્હેર થઇ ગઈ છે. સાંસારિક ક્રિયાઓ એ જડ ક્રિયાઓ મનાઇ જવાથી ખાવા-પીવાનો વિવેક નાશ પામ્યો. રાત્રિ-દિવસનું ભાન ભૂલ્યા, ભક્ષ્યાભક્ષ્યની મર્યાદા નેવે મુકી અને કોઇ પૂછે કે, ફલાણા ભાઇ આ શું કરો છો? એટલે ઝટ પેલી ફીલોસોફી રજુ કરી દે કે, તમે ન સમજો એ તો જડ ક્રિયા છે. ધ્યાન રાખવું કે, ખાવા-પીવાની ક્રિયાઓ; એકલું જડ એવું શરીર જ કરતું નથી; તેમ એકલો ચેતન એવો આત્મા પણ કરતો નથી. જો જડજ કરતું હોય તો મડદું પણ કરવું જોઇએ અને જો ચેતન જ કરતો હોય તો સિદ્ધ ભગવંતો પણ કરતા જોઇએ; માટે અહિંઆં તત્ત્વજ્ઞાનીઓ ફરમાવે છે કે, જે શરીરમાં અધિષ્ઠાતા તરીકે ચેતન એવો આત્મા રહેલો છે, તેજ શરીર કરે છે. મતલબકે, શરીરી કરે છે. અમે તો આ ઠેકાણે સ્વામીજીના ભક્તોને એટલી જ શીખામણ દઇએ છીએ કે, પુણ્ય અનુકૂળ હશે તો સાંસારિક ક્રિયાઓ આભવમાં જડ-ક્રિયાઓના ઓઠા નીચે તમે યથેચ્છ આચરી શકશો, પણ રસપૂર્વક સેવાયેલી એ ક્રિયાઓના પ્રતાપે આગામી જન્મમાં ભરૂચના પાડા તરીકે જન્મ લેવો પડશે કે માંડવી બંદર ઉપર ૫૦ મણનો ભાર ઉપાડનાર બળદ તરીકે જન્મ લેવો પડશે ત્યારે કર્મસત્તા હસીને તમને કહેશે કે, ભાઈ! પખાલોને ઉપાડીને ટેકરા ચઢવા કે ૫૦ મણનો ગાડામાંનો ભાર ઉપાડવો એ તો જડક્રિયા છે એમાં સિદ્ધસ્વરૂપી આત્માને શું લાગેવળગે?

બીજી બાજુ સામાયિક, પ્રતિક્રમણ, વ્રત, પચ્ચક્ખાણ આદિ ધર્મક્રિયાઓ એ જડ ક્રિયાઓ છે. માત્ર પુણ્યજ બંધાવે છે અને પુણ્ય એ તો સંસારમાં રઝળાવે છે એવી માન્યતા દી' ઉગે રોજને રોજ ઝેરના ઇંજિક્શનની માફક ઉપદેશદ્વારાએ અપાતી હોવાથી ભક્તોએ, જિન પ્રણિત ધર્મ ક્રિયાઓ સાવ મુકી દીધી.

અમારે ખેદપૂર્વક કહેવું પડે છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શકતું જ નથી. એમ કહેનાર કઇરીતે એમ કહી શકે છે કે, ધર્મક્રિયા એ પુણ્ય બંધાવે છે અને પુણ્ય એ આશ્રવ હોવાથી સંસારમાં રઝળાવે છે. શું જડ એવું પુણ્ય પણ ચેતન એવા આત્માને રઝડાવી શકે ખરૂં કે? જડ એવું આકાશ જેમ આત્માથી એકાન્તિક અને આત્યન્તિક ભિન્ન હોવાથી ચેતનદ્રવ્યને રઝડાવી શકતું નથી, તેવીરીતે સ્વામી-

જીના મતે પણ પુણ્ય એ એકાન્તે ચેતન દ્રવ્યથી ભિન્ન જ હોવાથી કઇરીતે રઝડાવી શકે? જો કે ધર્મ-ક્રિયાથી એકલો પુણ્યબંધ થતો જ નથી. પણ પાપનો ક્ષય પણ થાય છે. હિંસાથી બાંધેલું પાપ ધોવું હશે તો જીવદયા પાળવી જ પડશે. પછી તમે એને આશ્રવ કહો કે ગમે તે કહો. એજ રીતે જુઠ, ચોરી વિષયવિલાસ વિગેરેથી બાંધેલા પાપના ક્ષય માટે તે તે પાપોના વિરામરૂપ અણુવ્રત કે મહાવ્રતોનો આ-શરો લેવો જ પડે છે. અરે, ખુદ સ્વામીજી જ કહે છે કે, જે ભાવે જીવ બાંધે તે ભાવે ન છોડે પણ તેના વિરોધી ભાવે છોડે; આથી એ સિદ્ધ થાય છે કે, આત્મકલ્યાણના અર્થી આત્માઓએ કલ્યાણકારી એવી ધર્મક્રિયાઓ પ્રાણાંતે પણ ન મુકવી.

અહીં દરેકે એ વસ્તુ પણ ખ્યાલમાં રાખવી કે, સંસાર અને મોક્ષ એ બન્ને આત્માના વિભાવ અને સ્વભાવ અવસ્થારૂપ પર્યાયો છે. આ બન્ને પર્યાયોમાં આત્માને ઉપાદાન કારણ છે. આત્મામાં રહેલા વિભાવ પર્યાયમાં પાપક્રિયાઓ એ નિમિત્ત કારણ છે, અને સ્વભાવ પર્યાયમાં ધર્મક્રિયાઓ એ નિમિત્ત કારણ છે. ઉપરોક્ત નિમિત્ત કારણોએ ઉપાદાન કારણભૂત એવા આત્મા ઉપર સારી-નરસી અસર કરે છે અને એને અંગે ઉપાદાન કારણરૂપ આત્માની પ્રગતિ કે પીછે-હઠ થાય છે. અહિં એક એ વાત પણ ખુબ જ લક્ષમાં રાખવી કે, ઉપાદાન કારણ, નિમિત્ત ઉપર ઉપકાર કરી શકતું નથી. પણ નિમિત્ત કારણો જ ઉપાદાન ઉપર ઉપકાર કરે છે. માટી ઉપર કુંભાર જેમ ક્રિયા વિશેષે કરી ઘટ બનાવે છે, કપાસમાં તન્તુવાય જેમ ક્રિયાવિશેષ કરી પટ બનાવે છે; તેમ આત્મારૂપ ઉપાદાન કારણમાં ધર્મક્રિયા વિશેષે એ ઉપકાર કરી આત્માની પૂર્ણ સ્વભાવ અવસ્થામાં સાધક બને છે.

(૪) જે કાળે જે દ્રવ્યનો જે પર્યાય થવાનો હોય તે કાળે તે દ્રવ્યનો તેજ પર્યાય થાય એ વાત જો એકાન્તે ગ્રહણ કરવામાં આવે તો જૈનશાસન એકલા ભવિતવ્યતા વાદને માનનાર છે એમ બની જાય, અને એથી તો શાસ્ત્રોક્ત માનેલ કાળ, સ્વભાવ, કર્મ અને પુરૂષાર્થ રૂપ પાંચ સમવાયની માન્યતા જુઠી ઠરે. શાસ્ત્રોમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે, અભવ્ય આત્માઓ મુક્તિએ કેમ ન જાય? તેના સમાધાનમાં લખ્યું છે કે, સ્વભાવ રૂપ કારણ નથી માટે દુર્ભવ્યો અને ગુરૂકર્મી આત્માઓ મુક્તિના અભિલાષી દુર્ભવ્યપણામાં કે ગુરૂકર્મીપણામાં કેમ નથી બનતા? તેનો પણ જવાબ એ છે કે, હજી એ જીવોનો કાળ પાકયો નથી, અને એથી કર્મ લઘુતા આદિ ગુણોને એ બિચારા પામ્યા નથી. આ અને આવી બીજી અનેકરીતે એકેક કારણની મુખ્યતા તે તે ઠેકાણે શાસ્ત્રોમાં બતાવી છે, અને એથી જ કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરૂષાર્થ એ પાંચે કારણો કાર્યમાત્રમાં સાધક છે એ વાત સિદ્ધ થાય છે.

જે કાળે જે દ્રવ્યનો જે પર્યાય થવાનો હોય તે કાળે તે દ્રવ્યનો તે પર્યાય થાય, એવું માનનારે તો એનો ઉપયોગ ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં, અને માંદા હોય ત્યારે સરજન ડોક્ટરો બોલાવવામાં કર્યો અને એમાં આત્માની પ્રમાદદશાની કબુલાત પણ ન સ્વીકારી. કેવી અજ્ઞાનતા!

રાત્રે ખાતો હોય અને કોઈ પૂછે કે, ભાગ્યશાળી! શું કરો છો? ત્યારે કહે કે, આ કાળે ભોજનરૂપ પુદ્દગલ દ્રવ્યનો આ પર્યાય થવાનો હશે. કોઈ પૂછે કે, માંદા છો માટે ડોકટર બોલાવ્યોને? તેજ વખતે કહે ના ભાઇ ના, એતો ડોકટરનો આ વખતે આજ પર્યાય હશે માટે આવ્યો. આ જાતિની માન્યતાથી ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં નિરંકુશતા વધી. ધ્યાન રાખવું કે, ભવિતવ્યતાવાદ એ વિષયવિલાસ, રંગરાગ કે મોજ-મજાહને પોષવા માટે નથી, પણ આત્મા ઉપર આવી પડતા ઘોર ઉપસર્ગો અને પરીષહોને સહન કરતી વખતે વિવેકપૂર્વક મનો-મંથન કરવા લાયક છે.

(૫) સ્વરૂપ-રમણતા જ જો ધર્મ માનવામાં આવે તો વિકલ્પ સ્વરૂપ સઘળી ક્રિયાઓ અધર્મ જ ઠરી અને એથી સ્વામીજી સવાર અને સાંજ જે વ્યાખ્યાન આપે છે તે પણ અધર્મ. સીમંધરસ્વામીના મંદિરમાં સ્તુતિઓ ગવાય છે તે પણ અધર્મ. સોન-ગઢના આશ્રમમાં થતી વાતચીત, ચર્ચા, પ્રશ્નોત્તરી વિગેરે સઘળું અધર્મ જ ઠરે છે અરે, સ્વામીજી



# હું, કાકા ને કીકાભાઇ

શ્રી ચાણાક્ય

છેલ્લા લગભગ ચાર મહિનાથી મફતકાકા દેશમાં ગયા હતા. આથી અમારી મંડળીનું કામકાજ હમણાં બંધ જેવું હતું. મારા કાકાના સગાસંબંધીમાં કોઇ માંદુ હતું, એ કારણે અમને અમારા વ્હાલા કાકાનો વિયોગ થયો. જે દિવસે તેઓ દેશમાં જવા તૈયાર થયા, ત્યારે મને મળવા આવ્યા હતા. તેમણે મને કહ્યું; એલા! મગન, હું હવે દેશમાં જાઉં છું, મારા સાળાની ફોઇના છોકરાની ન્હાની છોડી માંદી છે, એટલે અમારા દેશના રીતરીવાજ પ્રમાણે મારે દેશમાં જવું પડશે.

આ સાંભળતાં મારાથી ન રહેવાયું, 'મફાકાકા! આટલે લાંબે સગપણ એમાં તમારે આ મુંબઇ શહેરની માયા છોડીને કેમ જવું પડે છે?' આના જવાબમાં કાકાએ મને એવું કહ્યાનું યાદ છે કે, ભા! તું એમાં ન સમજે, અમારી નાની નાતમાં આવું બધું સાચવવું પડે, તારી કાકીને પૂછજે, ખબર પડશે કે, અમારે સાળા–સાળીનું કેટ–કેટલું સાચવવું પડે છે. ભાઈ–ભાંડુનાં સંબંધ કરતાં યે અમારે સાળા–સાળીના છૈયા–છોકરાઓને વધારે સાચવવાં પડે સમજ્યો ને?

પછી તો કાકા ગયા, અને ત્યારબાદ તો હિંદના વાતાવરણમાં ઘણા ફેરફારો થઈ ગયા. સ્વરાજ્ય આવ્યું. હિંદુસ્તાનના ભાગલા પડ્યા, કાશ્મીરમાં તોફાનો થયાં, આરઝી હકુમતે જુનાગઢનો જંગ જીત્યો આ બધા બનાવો રચાતા ઇતિહાસનાં પાનાંઓ પર આલેખાઇ ચૂકયા. પણ અમારા મફાકાકા વિના અમારી મંડળીનો રસ ઉડી ગયો.

એટલામાં અચાનક એક વ્હેલી સવારે અમારા મફતકાકા દાદરા ખખડાવતા મારી ઓરડીના આંગણે આવી ઉભા. ઘણા મહિનાઓના વિયોગ પછી, કાકાનાં સાક્ષાત્ દર્શનથી મારા હૈયામાં આનંદ માતો નહતો; અમે બન્નેએ પરસ્પરના કુશળ સમાચાર પૂછ્યા; ને એટલામાં કાકાના મગજમાં અચાનક કાંઇ ભૂસું ભરાઇ આવ્યું. એટલે તરત જ તેઓએ મારી ખબર લેવા માંડી;

એલા! મગન તું મુંબઇમાં રહીને સાવ ફરી ગયો, મુંબઇના માણસોમાં માણસાઈ નથી હોતી એ વાત સાવ સાચી છે. કોઈ દાડો તને આ તારા કાકાની ચિંતા થઇ કે, મારો કાકો દેશમાં શું કરતા હશે? તું તો સાવ અકરમી જ રહ્યો'

---

આત્માનું સ્વરૂપ જે સમજાવે છે કે, હું શુદ્ધસ્વરૂપે છું ત્રિકાળ અખંડ દ્રવ્ય છું, કેવળ જ્ઞાનાદિ ગુણવાન છું વિગેરે વિચારણા પણ વિકલ્પસ્વરૂપે હોવાથી અધર્મ ઠરે છે. જોકે સ્વામીજી ત્યાં એમ કહે છે કે, વિકલ્પમાત્ર એ અધર્મ છે, એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણા એ પણ અધર્મ જ છે પણ એમાં અમારો નકાર બેઠો છે અને સ્વરૂપ રમણતારૂપ નિર્વિકલ્પક દશામાં જ હકાર છે; માટે સમ્યકત્વને બાધ આવતો નથી; પણ હું પૂછું છું કે, શુદ્ધ સ્વરૂપની શબ્દાત્મક વિચારણામાં જે નકાર છે અને નિર્વિકલ્પકમાં જે "હ"કાર છે તે પણ એક વિકલ્પક છે કે બીજું કાંઇ? અને એ વિકલ્પકરૂપ અધર્મથી નિર્વિકલ્પક રૂપ ધર્મ થાય છે એમ જ માનોછોને? વ્રત, પચ્ચક્ખાણ, આદિ અધર્મ છે. પુણ્ય એ પણ અધર્મ છે અને દેવ, ગુરૂ, ધર્મ ઉપરનો રાગ એ પણ અધર્મ છે અને એ અધર્મથી ધર્મ ન જ થાય એવું કહેનાર સ્વામીજીના મતે પણ અધર્મથી જ ધર્મ થાય છે, એ ખરેખર શોચનીય બાબત છે.

લેખમાળાના અંતે આરાધનાના પ્રેમીભાઇઓને અમે કહીએ છીએ કે, પ્રમાદને ઉદયભાવ કહી પોલ નહિ ચલાવતા, પાપ ક્રિયાને જડ ક્રિયા કહી સંસારને પોષતા નહિ અને ધર્મક્રિયાને અધર્મ માની એની ઉપેક્ષા નહિ કરતા. બસ, હાલતો આટલું લખવું ઉચિત લાગે છે. વિશેષ, અવસરે જણાશેતો લખાશે. સૌકોઈ સન્માર્ગના પંથે પડી કલ્યાણ સાધો એ જ લેખકની મહેચ્છા છે.

સવારના પહોરમાં કાકાની આ સરસ્વતી સાંભળી હું સાવ થીજી ગયો. કાકાને મન હંમેશા હું અકરમી જ લાગતો. છતાં મારા કાકાને મારા પર ભાવ સારો હતો, એથી ગાડીમાંથી ઉતરી તરત મારી ખબર લેવા તેઓ દોડી આવ્યા હતા.

મેં કાકાને પૂછ્યું ‘તમે આટલા બધા દિવસો કયાં ફરી આવ્યા? મુંબઇમાં તમારા ગયા પછી ઘણા ઘણા બનાવો બની ગયા, તમારા જેવા જો હોતતો કેવું સારૂં થાત?’ મેં કાકાની થોડીઘણી મહત્તા બતાવી, એટલે કાકાને આ અવસર મળી ગયો હોય એમ લાગ્યું. મને જવાબ આપતાં તેમણે મને કહ્યું, ‘ભાઇ મગન! હવેનો જમાનો બદલાઇ ગયો. આજના જમાનામાં અમારા જેવા ખખડધજોને કોણ પૂછે છે? આજે તો અમારી જૂની આંખે નવા તમાશા જેવું છે. આજનો જમાનો નવું માગે છે, જ્યારે અમે રહ્યા જૂના, થાય શું? પણ યાદ રાખજોકે, જૂનાની બુદ્ધિ વિના તમારા નવાઓનાં કર્યાં કારવ્યા ધૂળમાં જ મળવાના છે.’

મુંબઈ છોડી દેશમાં ગયા પછી, કાકાના વિચારોમાં કાંઇક ડાવકાપણું આવ્યું હતું. જૂના અને નવાના સંઘર્ષણ માટે એમને હમણાં હમણાં કાંઈ વધારે લાગતું હોય એમ મને લાગ્યું. અત્યાર અગાઉ નવાની વાતોને કાગનો વાઘ બનાવી, એનો જય જયકાર બોલાવનારા મફા કાકાને આજે કોણ જાણે કેમ નવા જમાનાના લોકો માટે આટઆટલો વસવસો થઇ આવ્યો તે મને ન સમજાયું. છતાં મેં મારા રોજના નિયમ પ્રમાણે સમય જોઇને શ્રોતા બનવામાં લાભ જોયો; જેથી મફા કાકાના મગજની કોથળીમાંથી પાશેરી નીકળી શકે.

‘કેમ કાંઈ બોલતો નથી, હું કહું છું તે તને સમજાયછેને? જો હમણાં હમણાં સમાજમાં, દેશમાં અને ધર્મમાં જે કાંઇ બની રહ્યું છે, તે જોતાં મને તો લાગે છે કે, આ બધા નવા જમાનાના જુવાનીઆઓનાંજ તોફાનો છે.’ કાકાએ જુવાનીયાઓ પર કોણજાણે શાથી આટઆટલો રોષ ઉતારવા માંડયો! તેની મને તો બિલકુલ સમજ ન પડી. કાકાના આ બધા ધમપછાડાનું કારણ સ્હમજવા મેં ધીરે રહીને દાણો ચાંપ્યો; એટલે લાગ મળ્યો છે માની તેમણે પોતાનું પુરાણ શરૂ કર્યું.

‘જો મગન! હું જે કહું છું તેમાં મીનમેખ નથી, બધી મારી નજરોનજરની હકીકત છે. અમારા દેશમાં અમારા ગામની બાજુમાં અમરાપર નામનું આપણી સારી વસ્તિવાળું ગામ છે. ત્યાંના ન્યાલચંદ શેઠનું ઘર, અમારી ન્યાતમાં આબરૂદાર અને બે પૈસે સુખી ગણાય છે. તેમના છોકરા નટવરનું સગપણ અમારા ગામમાં ખુશાલ શેઠની છોકરી વેરે થયું હતું. નટવર ચાર ચોપડી ભણ્યા પછી, અમદાવાદ ભણવા ગયો, ત્યાં મેટ્રીકની પરીક્ષા આપી, કોલેજમાં બેઠો. કોલેજમાં છોકરા–છોકરીઓનાં આકર્ષણો હંમેશાં રહેજ. ખરૂં કહું તો ઘણાખરા છોકરાઓ ત્યાં છોકરીઓની સાથે મસ્તી કરવાજ આવે છે. એમાં આ નટવરને કોઇ છોકરી જોડે સંબંધ બંધાઈ ગયો. એ છોકરી કોણ છે? કઇ નાત–જાત છે? એની નટવરના બાપને પણ ખબર નથી, છતાં નટવરે એ છોકરીની સાથે લગ્ન કરવા તૈયાર થઇ ગયો છે. ને અમારા ગામના ખુશાલ શેઠની આબરૂ પર પાણી ફેરવી દેવાની મૂર્ખાઈ, એ કરી રહ્યો છે. નટવરનો બાપ પણ મુંગે મોઢે દીકરાના આ અત્યાચારને સહી રહ્યો છે. આથીજ મને થાય છે કે, આજના જુવાનીયાઓએ આ શું કરવા માંડયું છે?’

બોલતાં બોલતાં મફાકાકાના ગળામાં શ્વાસ ભરાઇ ગયો. મને હવે સ્હમજાયું કે, મફાકાકાને જુવાનીયાઓ તરફ આટલો બધો ગુસ્સો કેમ છે, મેં પણ કાકાની વાતમાં ટાપસી પૂરી. કાકા! તમે કહો છો તે વાત સાવ સાચી છે. બાપ પોતાના પરસેવાના પૈસા ખર્ચી દી–રાત ઢહરડા લઇ દીકરાને આવું ભણતર ભણાવે, જ્યારે દીકરો ભણી-ગણીને હવે બાપની આબરૂના કાંકરા કરવા નીકળે, આવી કેળવણી આપણા દેશનો ને સમાજનો શો શકરવાર વાળશે.

અમારી આ બધી વાતો પાડોશમાં રહેલા કીકાભાઈથી છુપી ન રહી શકી. તેઓ પણ અમારી મંડળીના જ હતા. જ્યાં એમને ખબર પડી કે, મફા કાકા, દેશમાંથી આવી ગયા છે.’ એટલે તેઓ તરત અમારી મંડળીમાં આવી બેઠા. તેમણે અમારા

વચ્ચે ચાલી રહેલી આ વાતમાં તરત જ પોતાનો અભિપ્રાય આપી દીધો. જુઓ કાકા! જુવાનીયાઓનો દોષ કાઢવા કરતાં, તેમના વડવાઓના દોષ માટે તમને કેમ કાંઈ લાગતું નથી? ન્હાનપણથી જ એ મા-બાપોએ જો પોતાના બાળકોમાં સુંદર સંસ્કારો રેડ્યા હોત તો આળસુ આજે ન હોત! મા-બાપો છોકરાઓને લાડમાં મોટા કરે, આજની કેળવણીનો મોહ રાખે અને પરિણામે એ કેળવણીની અસર બાળકોના જીવનમાં આરપાર ઉતરી જાય તેમાં દોષ બાળકોનો, કેળવણીનો કે મા-બાપોનો ?'

કીકાભાઈ, અમારી મંડળીમાં હતા, છતાં એમને મફાકાકાની શરમ, આવી વાતોમાં નહોતી. 'સાચી વાતમાં શાણપણ' આ સિદ્ધાંતમાં માનનારા તેઓ આખાબોલા હતા. તેઓ જૂના અને નવા વિચારવાળાની વચ્ચે સાંકળરૂપ હતા. તેઓનું એ માનવું હતું કે, 'મા-બાપોને આજની કેળવણીનો મોહ છે, આથી ઘરરખ્ખુ બાળકોને પણ આવી કેળવણીના નાદમાં તેઓનો અમૂલ્ય કાળ, મા-બાપો ગૂમાવડાવે છે. જે વયમાં આર્યસંસ્કાર, આર્યશિક્ષણ અને આર્યનીતિના જે મહામૂલા બોધપાઠો મળવા જોઇએ. તે જ ઉગતી યુવાનીના કાળમાં આપણા દેશના, આપણા સમાજના બાળકોને કેવળ પરદેશી કારખાનાના કારકુનો તરીકે પેદા કરનારી કેળવણી અપાય છે. આથી આ બધી આજની યુનીવર્સીટીઓ, કોલેજો અને હાઇસ્કુલોની આપણા ભારતદેશને કાંઇજ જરૂર નથી.'

મફા કાકા ભડભડીયા હતા, જે કાંઇ મનમાં આવ્યું તે બોલી નાંખનારા હતા, ને જ્યારે પોતાના વિચારોની સ્હામે સાચા જવાબો મળતા તો તેને સ્વીકારી પોતાની ભૂલને કબુલી લેવાની વ્યવહારૂ દૂરદેશી તેઓમાં હતી. આથી કીકાભાઇના ઠરેલ વિચારોએ એમના મનમાં જબ્બર અસર કરી 'પણ આજનો જમાનો, આવી વાતોના ઉંડાણમાં ઉતરીને એનો તાગ નથી લાવતો,' એમ કહી કીકાભાઇએ પોતાની વાત આગળ લંબાવી, તેમણે કહ્યુ, 'યુવાનો આજની કેળવણીની સીધી અસરથી દેશ અને સમાજને માટે ભારભૂત બન્યા છે, એ વાત સાવ સાચી પણ એ યુવાનોમાં શક્તિ છે, સામર્થ્ય છે અને એના લોહીમાં કાંઇ કરવાની તમન્ના છે, પણ ફક્ત એમને દીર્ઘદૃષ્ટિના શાંત વયોવૃદ્ધોનું પીઠબળ હોવું અનિવાર્ય છે. યુવાનોની શક્તિ અને વૃદ્ધોની બુદ્ધિ આ બન્નેનો સુમેળ હોવો આજના યુગમાં આવશ્યક છે.,

કીકાભાઈની વાત મુદ્દાસરની હતી. કાકાને પણ એ ગમી ગઇ; છતાં એમને કાંઇ કહેવા જેવું હોય એમ મને લાગ્યું. મેં કાકાને કહ્યું, 'કેમ કાકા! કીકાભાઇ કહે છે એ બરોબર છેને? કાંઇ કહેવાજેવું લાગે છે?' કાકાને લાગ મળી ગયો હોય તેમ તેઓએ પોતાનું ચલાવ્યું; 'જુઓ કીકાભાઇ! તમે કહ્યું એ બરોબર છે, પણ આજે આમાંનું તમને કાંઈ જણાય છે? આજના જવાનીયાઓ, ઘરડાઓનું સાંભળે એવું કાંઇ દેખાતું નથી. જવાનીયા માને છે કે, 'અમારા મા-બાપ, કાકા, મામા બધા જ મૂર્ખા છે અને આખી દુનિયામાં ડાહ્યા જો કોઇ હોય તો અમે જવાનીયા'—આવો ફાંકો આજે આપણા જવાન છોકરાઓને છે. આજે આપણા ધર્મગુરૂઓનું એમના વડેરાઓનું કે ડાહ્યાઓનું સાંભળવાને આ જવાનીયાઓને કાં ફુરસદ છે? એમને મન ગાંધીજી, જવાહરલાલ, કે જયપ્રકાશ એ જ આરાધ્યદેવ. આ બધા દેશનાયકોના આડા-અવળા બે ચાર શબ્દો પકડી પોતાનું ધાર્યું કરવાનો નાદ આજના આ આપણા જુવાનીયાઓને લાગુ પડ્યો છે, આ સ્થિતિમાં તમે કહો છો તે વસ્તુ બનવી મને તો શક્ય નથી લાગતી.'

દેશમાંથી આવ્યા પછી, મફાકાકાના વિચારોમાં તદ્દન પરિવર્તન થઈ ગયું. એમ મને આજના એમના વિચારોથી જણાઈ આવ્યું. અત્યારસુધી સુધારકોનું વાજું વગાડનારા કાકા હવે એ જુવાનીયાઓને નવાજતા થઈ ગયા. આ અવસરે મારાથી ન રહેવાયું. કાકાને મેં કહી સંભળાવ્યું; કાકા! જુવાનીયા કદાચ જુવાનીના જોરે આડા માર્ગે ચાલ્યા જાય, પણ એમને માર્ગે લાવી એમની શક્તિઓનો સદ્વ્યય કરાવવાનું કામ આપણા સમાજનાયકોનું છે નહિ? જો આપણા સમાજના આગેવાનો કુટુંબના વડીલો ધીર, શાંત અને ગંભીર હોય તો આજના યુવકોને કદાચ સન્માર્ગે દોરી શકશે. પણ આમ જુવાનીયા અને ઘરડાઓ પોત-પોતાની બુદ્ધિ

અને શક્તિઓના ગર્વમાં ખીંચ–તાણુ કરતા રહેશે તો સમાજમાં બન્ને વચ્ચે સંઘર્ષણ ચાલુ રહેશે. અને એથી સમાજમાં કોઇપણુ ઉપયોગી કાર્યો નહિ જ થઇ શકે.

મારૂં સાંભળીને જાણે કાકાને ભારે પૌરસ ચઢ્યું હોય તેમ તેમણે મારા પર ચલાવ્યું; વાહ મગન! વાહ, તું જાણે ડાહ્યો. અમે તો કાંઇ સ્હમજતા જ નહિ હોઇએ એમને? તું સમાજના ઉપયોગી કાર્યોની વાત કરે છે, પણુ આજે ઉપયોગી કે નિરૂપયોગી કયુ કાર્ય થાય છે તે તો બતાવ? સાધુઓમાં પણુ પરસ્પર સંઘર્ષણુ, શ્રાવકોમાં પણુ પરસ્પર સંઘર્ષણુ, આ બધી અથડામણોમાં સમાજ, ધર્મ અને શાસનના હિતને કોણુ યાદ કરે? મેં તો તમને પહેલાં એજ કહ્યું હતું કે, જો બધા ડાહ્યા–શાણા અને શાસનના ભાવિને દીર્ઘદષ્ટિથી જોનારા આચાર્યદેવો શ્રાવકો અને સમાજના વિચારક આગેવાનો સંગઠન સાધે તો સમાજ અને શાસનના માટે ઘણું ઘણું થઇ શકે તેમ છે, પણુ આજે આપણે આ બધું ભૂલી ગયા છીએ એનું કેમ?

કાકાનું ગાડું ચીલા ઉપરથી ઉતરી આમ નવી દિશામાં ધકેલાયું. જુવાનીયાઓની વાત પરથી કાકા; સમાજ અને શાસનની અરાજક દશા પર ઉતરી પડયા. આથી મારા વિચારો જણાવવાની ઉમદા તક મેં ઝડપી લીધી. મેં કહ્યું, 'કાકા' તમે કહો છો તે સાવ સાદી વાત છે. સમાજમાં સંપ થવો અનિવાર્ય છે. પણુ આપણા સમાજમાં કદાચ સહુ એકમત ન થઈ શકે, પણુ મતભેદની સાથે મનોભેદ ન હોવો જોઇએ. આજે આપણા રાજકારણમાં જુઓ! જયપ્રકાશનારાયણુ અને ગાંધીજી, સરદાર વલ્લભભાઈ અને રાજગોપાલાચારી—આ બધા પરસ્પર વિરૂદ્ધ વિચારના હોવા છતાં ભેગા બેસી શકે છે, વિચારોની આપ–લે કરી શકે છે અને દેશના હિતને ઉપયોગી વાતો પણ સહૃદયતાથી કરી શકે છે, તો આપણે શા માટે એક ન થઇ શકીયે? શા માટે શાસનની ઉન્નતિ માટે એક જ સ્થાને બેસી વાટાઘાટો ન કરી શકીયે? મને આ હકીકતથી વારંવાર મનોદુઃખ થઈ આવે છે. આજે આપણા શાસનનાયકો આ બધી પરિસ્થિતિનો વિચાર કરે તો કાંઈક સુધારો થઇ શકે, બાકી કાળજ એવો છે કે, 'ન ધારેલું થઇ જાય અને ધારેલું વણુસી જાય'. કાકાના જવાબમાં મેં મારી નમ્ર માન્યતા જણાવી દીધી; પણુ મારા કરતાં જેમનો અનુભવ વધુ વિશાળ અને પ્રૌઢ છે તે કીકાભાઇ મારૂં અધુરૂં પુરૂં કરવાના ઇરાદે મારા જવાબમાં બોલ્યા, 'મગનભાઈ! તમે કહો છો તે બધું બને, એમાં કાંઇ જ શક નથી, પણુ એને અંગે એકલા આપણા આચાર્ય મહારાજા જવાબદાર છે એવું નથી. તેઓના કરતાં વધુ જવાબદારી મારા ખ્યાલ પ્રમાણે આપણા જેવા ગૃહસ્થોની છે. ગૃહસ્થો જો શાસન, સમાજ અને ધર્મને માટે સઘળું સોંપીદેવાની તાકાત કેળવે અને તે માટે યોગ્ય આંદોલનો સમાજમાં ઉભા કરે તો પરિણામ સારૂં આવે. આ કાર્યમાં જો આપણે ફતેહ મેળવીયેતો આજના સુધારકો પણુ અંતરથી જરૂર આપણુને ધન્યવાદ આપે. બાકી એ લોકો આજે જે રીતે પોતાની ધારેલી ધારણાઓમાં દિનપ્રતિદિન પ્રગતિ કરતા જાય છે, તે આપણે સારૂ ઉમદા આદર્શ પૂરો પાડે છે. આપણે કશુંજ કરી શકયા નથી, કદાચ કરી શકયા હઇશું તો તેમાં પરિણામે મૂળસ્થાને આવી ગયા હઇશું. જ્યારે સુધારકોએ પોતાના ધ્યેયને અનુરૂપ ઘણી જ સાધના કરી છે, તો આપણે બધી રીતે પાછા પડ્યા છીએ. આ સ્થિતિમાં આપણે સક્રિય સઘળું કરવા માટે જાગૃત રહેવું જોઇએ.'

કીકાભાઈની વાતો સાંભળતાં મને અને કાકાને એમના વિચારોમાંથી નવું જાણવા જેવું મલ્યું. કાકાના હૃદયમાં જે જે શંકાઓ ઘર કરી રહી હતી તેનો થોડોઘણો જવાબ આમાંથી એમને મળી રહ્યો હોય એમ મને લાગ્યું. સમય થઇ ગયો હતો અને મારે મારા અંગત કામકાજ માટે ઘાટકોપર જવાનું હોવાથી મેં કાકાને કહ્યું, 'માફ કરજો, મારે ટાઇમ થઇ જાય છે, ફરી કોઈક અવસરે આપણે મળીશું.' બાદ કાકા અને કીકાભાઈ સ્હવારના ખાણાને ઈન્સાફ આપી, મારે ત્યાંથી છૂટા પડ્યા.

# તવારીખની તેજ છાયા

પૂ૦ મુનિરાજ શ્રીમદ્ કનકવિજયજી મહારાજ

માળવામાં જે વેળા રાજા ભોજ રાજ્ય કરતો હતો. તે સમયે ગુજરાતમાં ચૌલુકયવંશનો રાજા ભીમ રાજ્ય કરતો. ભોજ જેમ વિદ્વાન હતો તેમ ઉદાર હતો. લક્ષ્મીને હાથનો મેલ માની અનેક પરોપકારનાં કાર્યોમાં તે લક્ષ્મીનો સદ્વ્યય કરતો હતો.

એક વેળા રોહક નામનો ભોજનો મહામાત્ય ભોજની ઉદારતાથી મૂંઝાયો. તેણે ભોજના સિંહાસનની સ્હામેના ભારોટીઆમાં ભોજને સ્હમજાવવાના આશયથી આમ લખ્યું; **आपदर्थ धनं रक्षेत्** આપત્તિ આવે ત્યારે ઉપયોગમાં લેવા માટે લક્ષ્મી સાચવી રાખવી.

બીજે દિવસે અચાનક રાજા ભોજની દૃષ્ટિ તે લખાણ સ્હામે પડી. ચકોર રાજા, તે લખાણની પાછળના રહસ્યને પામી ગયો. મંત્રીશ્વરને બોધપાઠ આપવા તેણે બીજી પંક્તિમાં લખ્યું; **महतां कुत आपदः** મહાન પુરૂષોને આપત્તિ કયાંથી હોય?–' ભોજે આ લખાણથી એમ જણાવ્યું કે, જેઓ પુણ્યવાન છે તેઓને આપત્તિ આવવાની સંભાવના કયાંથી કે જેથી ધનને ભેગું કરવાની જરૂર જ પડે?

જ્યારે મંત્રીએ આ જવાબ વાંચ્યો, ત્યારે તે મૂંગો મૂંગો સમસમી ગયો. છતાં પણ વિદ્વત્તાને લડાવવાની ખાતર એણે ફરી ત્રીજી પંક્તિ આમ લખી નાંખી; **कदापि रूष्यति भाग्य** કોઈવેળા ભાગ્ય વિફળે તો.' મંત્રીએ આ પંક્તિ દ્વારા ભોજને એમ જણાવ્યું કે, આજે તો ઠીક છે, તમારી પાસે પૈસો છે, રાજ્ય છે, અને દુનીયામાં તમારૂં માન છે, પણ કાલે પુણ્ય પરવાર્યું, ભાગ્ય રૂઠયું ત્યારે પૈસા નહિ હોય તો 'વસુ વિના નર પશુ' જેવી તમારી સ્થિતિ થશે, માટે જો આજે લક્ષ્મી સાચવી રાખશો તો અવસરે તે ઉપયોગમાં આવશે.'

પણ ભોજ વિદ્વાન હતો સાથે વિવેકી હતો. લક્ષ્મી પુણ્યને અનુસરે છે, અને ભાગ્ય જ માણસનું જીવન ઘડે છે, માટે લક્ષ્મીનો સાચો સદુપયોગ દાન જ છે; એ એનો મક્કમ નિરાધાર હતો. અને એમાં વિઘ્ન કરવાની વૃત્તિના મંત્રીઓને જડબાતોડ જવાબથી નિરૂત્તર કરવાને સારૂ તેણે, જવાબમાં જણાવ્યું; **संचितमपि नश्यति** જો ભાગ્ય રૂઠયું હશે તો ભેગું કરેલું ધન પણ નાશ પામશે. આમ લખીને ભોજ જેવા ચતુર અને શાણા રાજાએ જગતના પરિગ્રહધારી ધનવાનોને એમ કહી દીધું કે, આમ ભેગું કરી–કરીને જીંદગીની અમૂલ્ય ક્ષણો વેડફી દો છો, પણ તમને ખબર છે કે, એ તમારા માટે ઉપયોગમાં આવશે કે કેમ? જ્યાંસુધી પુણ્યાઈ જાગૃત છે, ત્યાંસુધી એ તમારૂં અને પુણ્ય પરવારી બેઠા પછી, મ્હોં ફાડીને તમે જોયા કરશો પણ આ બધી રૂદ્ધિ, સિદ્ધિ કે સમૃદ્ધિ એ તમારી પાસેથી ચાલી જશે ને દુનીયાના ડાહ્યા ગણાતા માણસો તમને હસી કાઢશે, માટે પ્રાપ્ત સામગ્રીઓનો સદુપયોગ કરો! હૃદયથી શ્રીમંત બની ઉદારતાથી લક્ષ્મીનો સદ્વ્યય કરો!

૨

બુદ્ધિના અનેક પ્રકારોમાં ઐત્પાતિકી બુદ્ધિ, એ તર્કશક્તિ પર આધાર રાખે છે. જૈનશાસનની પ્રભાવના કરનારા પ્રભાવક આ–

ચાર્યો પણ આવી પ્રૌઢ પ્રતિભાશક્તિથી જ્યાં હોય ત્યાં ભલ-ભલા વાદીઓને મ્હાત કરી, જૈનશાસનનો જય-જયકાર ગૂંજતો કરે છે. આ બધા પ્રભાવક આચાર્ય મહારાજાઓનાં પવિત્ર નામથી જૈન ઇતિહાસનાં પૃષ્ઠો અમર બન્યાં છે.

પણ આ બધાની જેમ શ્રાવક તરીકે ધનપાલ પંડિતે પણ પોતાની નીડર પ્રતિભા સચોટશક્તિ અને ધર્મશ્રદ્ધાથી જૈનશાસનની અદ્ભૂત પ્રભાવના કરી છે. પંડિત ધનપાલ બ્રાહ્મણ હતા. તેઓના પિતા સર્વદેવ પંડિત, જૈનાચાર્ય શ્રી મહેન્દ્રસૂરીશ્વરજીની સાથે વચનથી બંધાયેલા હતા કે, 'મારા બન્ને પુત્રોમાંથી એક પુત્રને હું તમને અર્પણ કરીશ.' સર્વદેવને ધનપાલ મ્હોટો પુત્ર અને શોભન ન્હાનો પુત્ર હતો. સર્વદેવના આગ્રહથી પિતાના વચનનું પાલન કરવા માટે શોભને આચાર્યમહારાજની પાસે દીક્ષા લીધી.

'પોતાના નાનાભાઈને ધર્માચાર્યે દીક્ષા આપી, અને ભાઇને વટલાવી નાંખ્યો છે.' આમ માની ધનપાલે ભોજના આદેશને મેળવી, ધારાનગરીમાં જૈનસાધુઓનો વિહાર અટકાવ્યો આથી ધારાના સંઘે ગુજરાતમાં આવી, આચાર્ય મહારાજ શ્રી મહેંદ્રસૂરિજીને બધી હકીકત કહી. તે સાંભળી પાસે રહેલા શોભનમુનિએ ગુરૂદેવની સેવામાં જણાવ્યું; 'ગુરૂદેવ! હું ધારા બાજુ વિહાર કરીને જાઉં છું અને મારા બંધુને પ્રતિબોધ આપી, જૈનશાસનની સેવા કરીશ.'

બાદ સાધુઓના પરિવારની સાથે વિહાર કરતા-કરતા શોભનમુનિ ધારાના ઉદ્યાનમાં આવ્યા. સ્હામેથી આવતા જૈનમુનિઓને જોઇ, ધનપાલને આશ્ચર્ય થયું, પણ શોભનમુનિને જોતાં એને સ્હેજ તેમના પર પ્રીતિ જાગી. પણ ઘણા વર્ષો વીતી ગયાં હોવાથી, અને મુનિપણામાં વેષ આદિનો ફેરફાર થયેલો હોવાથી તે શોભનમુનિને ભાઈ તરીકે ઓળખી શકયો નહિ. ધનપાલે તેઓની પાસે જઇને પૂછયું; '**गर्दभदन्त भदन्त! नमस्ते**' ગર્દભના જેવા દાંતવાળા એ ભદંત! તને નમસ્કાર.' ધનપાલે શોભનમુનિને કૂતુહલથી આ રીતે નમસ્કાર કરી, શિષ્ટાચાર સાચવ્યો. તે વેળા મહાબુદ્ધિમાન શ્રી શોભનમુનિએ કટાક્ષનો જવાબ કટાક્ષથી આપતાં તેને જણાવ્યું, '**कपिवृषणास्य वयस्य! सुखं ते** કપિના વૃષણ જેવા મુખવાળા મિત્ર તને સુખ છે?' શોભન મુનિનાં આ વાકયથી ચકિત થયેલા ધનપાલે શોભન-મુનિને ઓળખી લીધા.

ધનપાલ, શોભન મહર્ષિના ઉપદેશથી જૈન-ધર્મમાં સ્થિર થયો. ભોજને સ્હમજાવી ધારામાં જૈન-મુનિઓનો વિહાર તેણે ખુલ્લો કરાવ્યો. ધનપાલ પંડિત અવસરે અવસરે ભોજરાજાને જૈનધર્મનાં શુદ્ધ તત્ત્વોની ઓળખ નીડરતાથી આપી દેતો. એક વેળા રાજા ભોજ, ધનપાલ પંડિતની સાથે મહાકાલના મંદિરમાં ગયો. ત્યાં શંકરની મૂર્તિની સ્હામે નહિ બેસતાં તે બ્હાર બેઠો. રાજાએ પૂછયું, 'ધનપાલ! તું મંદિરની બ્હાર કેમ બેઠો છે?' તેના જવાબમાં પોતાની પ્રતિભાનો પરિચય કરાવતો ધનપાલ બોલ્યો, 'રાજન! શંકર અત્યારે પાર્વતીની સાથે એકાંતમાં બેઠા છે, તેથી હું લજ્જાથી ત્યાં જઈ શકતો નથી.'

રાજા ભોજ ત્યારબાદ, મંદિરમાંથી બ્હાર નીકળ્યો. મંદિરના દ્વાર પર શંકરના સેવક ભૃંગીની મૂર્તિ જોઇ ભોજે, ધનપાલને પૂછયું, 'આ ભૃંગી દુર્બલ કેમ જણાય છે?' તે સમયે સત્ય કહેવાનો આ અવસર છે, એમ સ્હમજી ધનપાલે ભોજને કહ્યું, 'રાજન! આ ભૃંગી એમ વિચાર કરે છે કે, 'મારા દેવ શંકર નગ્ન છે, તો એમને ધનુષ્યની શી જરૂર પડી?

અને જો શસ્ત્ર રાખ્યા છે તો શરીરે રાખોડી ચોળવાની શી જરૂર? અને ભસ્મ લગાડનાર શંકરને સ્ત્રીની કેમ જરૂર પડી? જો સ્રીનીસાથે રહે છે તો કામને જીત્યો શા માટે? આમ અન્યોન્ય વિરૂદ્ધ ચેષ્ટાઓ જોઈ ચિંતામગ્ન આ ભૃંગીનું શરીર માત્ર હાડકાના માળખા જેવું બની ગયું છે.'

ધનપાલની પ્રતિભાથી ભોજ, શરમાઇને જમીન તરફ નીચું જોઇ રહ્યો. એકવેળા યજ્ઞમાં મારવા રાખેલા પશુઓનો દીન પોકાર સાંભળી કુતૂહલથી ભોજે ધનપાલને પૂછ્યું, 'પંડિત! આ પશુઓ શા માટે પોકાર કરે છે.? તે સાંભળી મહાકવિ ધનપાલે રાજાને ધર્મનું સાચું સ્વરૂપ સ્હમજાવવા માટે તદ્દન સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'રાજન! હું પશુઓની ભાષા સમજી શકું છું, તે પશુઓ એમ કહી રહ્યા છે કે, 'અમને સ્વર્ગમાં મોકલવા માટે તમે યજ્ઞમાં અમને હોમો છો, પણ અમારે સ્વર્ગમાં જવું નથી. અમે ત્યાં જવા માટે તમને કોઈ દિવસે પ્રાર્થના કરી નથી; માટે અમારો વધ કરવો ઉચિત નથી. જો યજ્ઞમાં હણાયેલા પ્રાણીઓ સ્વર્ગે જતા હોયતો તમારા માતા-પિતા પુત્ર, પત્નીઓને યજ્ઞમાં કેમ હોમતા નથી?'

રાજા ભોજ, ધનપાલની આ હાજરજવાબીથી જંખવાણો પડી ગયો, પણ તે મહાપંડિતની બુદ્ધિમત્તા આગળ એનું કાંઇ ચાલ્યું નહિ. ફરી એકવાર શિકારને માટે ભોજ પોતાની સાથે ધનપાલને લઈગયો. ભોજે દૂર દૂર દોડતા એક ભૂંડ પર એક બાણ ફેંક્યું. તેથી તે અનાથ પશુ, નીચું મુખ રાખીને જમીનમાં પછડાઇ પડયું. પોતાના આ પરાક્રમની પ્રશંસા સાંભળવા રાજાએ મીઠાશથી હસતાં હસતાં ધનપાલને કહ્યું, 'કવિરાજ! કાંઈ બોલશો?' જવાબમાં અપાર કરૂણારસથી આર્દ્ર ધનપાલ પંડિતથી ન રહેવાયું. તેમણે ભોજને ઉદ્દેશીને આંખ લાલઘૂમ કરી, કડક શબ્દોમાં કહ્યું, 'રાજન! તમારૂં આ પરાક્રમ પાતાળમાં પડો! જ્યાં શરણે આવેલા અનાથ, નિર્દોષ અને નિર્બળ પશુઓને બળવાન માણસો મારે છે, એ શિકારની નીતિ તદ્દન દુષ્ટ છે. અરે આ જગત અરાજક છે, ને આ મહાકષ્ટ છે કે, બિચારા તૃણને ખાનારા પશુઓને આ રીતે મારવામાં આવે છે.'

પરમ ધર્માત્મા મહાકવિ શ્રી ધનપાલે આ રીતે, પોતાની પ્રૌઢ પ્રતિભાથી ભોજ જેવા રાજાની સમક્ષ તદ્દન નીડર બનીને સચોટ જવાબો આપી, ધર્મનો પ્રભાવ વધુ ને વધુ વિસ્તૃત બનાવ્યો. **ધન્ય તે મહાકવિને!**


## નવાં પ્રકાશનો.

| | | |
|---|---|---|
| વસુદેવહીન્ડી | ગુ૦ | ૧૨-૮-૦ |
| કોકશાસ્ત્ર | | ૧૧-૦-૦ |
| પારમાર્થીક લેખ સંગ્રહ | | ૧-૮-૦ |
| સંઘપતી ચરિત્ર | | ૬-૮-૦ |
| સુંદરીઓના શણગાર | | ૪-૦-૦ |
| અભયકુમાર | | ૩-૦-૦ |
| ઇલાચીકુમાર | | ૨-૮-૦ |
| મગધરાજ શ્રેણીક | | ૪-૮-૦ |
| ઋષભદેવ સ્વામી | | ૪-૮-૦ |
| સ્થુલીભદ્ર ચરિત્ર | | ૪-૮-૦ |
| મહર્ષિ મેતારજ | | ૪-૪-૦ |
| મહામંત્રી શકટાળ | | ૪-૮-૦ |
| વિક્રમાદિત્ય હેમુ | | ૫-૦-૦ |
| પુરૂષાર્થ | | ૩-૦-૦ |

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ**
ઠે. ડોશીવાડાની પોળ સામે. **અમદાવાદ**
**સંઘવી મુલજીભાઈ ઝવેરચંદ**
જૈન બુકસેલર—**પાલીતાણા.**

# નાસ્તિકોનું વલણ, માન્યતા અને શ્રદ્ધા અનેક જીવોને ઉન્માર્ગગામી બનાવે છે.

## આસ્તિકતાનું નિરૂપણ:

પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ.

આત્મા છે, અનંત પરિબળવાળો છે, અમિત જ્ઞાનનો માલીક છે. આત્મા નથી એમ માનનારાઓ કહે છે કે, આત્મા જેવી ચૈતન્ય શક્તિ નથી, ભૂતોનો વિકારજ આત્મા છે, જેમ લાકડાનો વિકાર અગ્નિ-ધુમાડો છે. સંયોગ સહવાસથી ચૈતન્ય જેવી એક શક્તિ પ્રાદુર્ભૂત થાય છે અને અમુક સંયોગોનો અભાવ થતાં તે શક્તિ નષ્ટ થાય છે. મળેલા ભૌતિક શરીરથી માત્ર જેટલું સુખ, જેટલો વિલાસ, જેટલો આનંદ લૂંટાય એટલો લૂંટી લેવો. બસ, એજ શરીરનું સાફલ્ય છે. ત્યાગ, વ્રત, તપ, જપ, આરાધના આ શરીરનું કષ્ટફળ છે. ગયો ભવ અને આવતો ભવ છે, એમ માનવું ભારે ભૂલભર્યું છે. એમ માનવાથી અહિંના સુખો પણ ભોગવાતાં નથી. પાપનો ડર જ રહે એટલે કોઈ પણ કામ કરતાં આપણને સંકોચજ રહે છે. એમ માનો કે આવતો ભવ છે, તોપણ તમારા મતે પુણ્યયોગે માનવજીવન અને તેના ભોગો મળ્યા છે, તો પુણ્યથી મળેલ સામગ્રી ભોગવતાં, ત્યાગના પાઠો શામાટે ભણવા-ભણાવવા જોઇએ? ગોળ, લોટ, ધાતકી (એક જાતનું વૃક્ષ) અને જવના સંમીશ્રણથી મદીરા નામની શક્તિ પ્રાદુર્ભૂત થાય છે. તેજ, જલ, અને આકાશના સંયોગથી આ ભૌતિક દેહ બને છે અને એક શક્તિ પેદા થાય. જેને કેટલાક, આત્માના નામથી ઓળખે છે. વાસ્તવિક તે પરલોકગામી કે પરલોકથી આવેલ આત્મા જ નથી; જ્યારે આત્મા જ નથી તો મોક્ષ કોનો? પાપ–પુણ્યનો પરલોકમાં ભોક્તા કોણ થશે? આકાશ–કુસુમની જેમ આત્માજ નથી તોપછી સુખ અને દુઃખના કારણરૂપ પુણ્ય અને પાપ જેવાં તત્ત્વોજ ક્યાં રહેવાનાં!

સંભિન્ન–મતિયો દલીલ કરતાં જણાવે છે કે, બંધો! જો પુણ્ય અને પાપ જેવાં તત્ત્વો માન અને અપમાનમાં, સ્વાગત અને તિરસ્કારમાં કારણ બને છે, એમ માનવામાં આવે તો વિચારો કે એક ખાણમાંથી નીકળેલા બે પત્થરોમાં એક પત્થર પગથીયામાં લોકોની ઠોકરો ખાય છે, જ્યારે એક પત્થર મૂર્તિરૂપ ધારણ કરી શ્રદ્ધાળુ પ્રાણીઓથી ત્રિકાળ પૂજાય છે. એમાં શું પુણ્ય–પાપ છે? જડ છે છતાં ભિન્ન અવસ્થાઓ ત્યાં પણ અનુભવાય છે. એવા જડ વસ્તુઓનાં અસંખ્ય દૃષ્ટાંતો આત્માનો અભાવ પ્રગટપણે સિદ્ધ કરી આપે છે. માનવોનો જન્મ અને મૃત્યુ પુણ્ય–પાપના અનુબંધનથી થાય છે, એમ કહેશો તો જણાવો કે, પત્થરનો કયા કર્મથી જન્મ થાય છે? અને કયા કર્મથી વિલય થાય છે?

ચેતનાશકિત જ્યાંસુધી હયાત હોય છે ત્યાંસુધી તે શકિત અનેક ભોગો, વિલાસો અને આનંદ ભોગવે છે અને ચેતનાશકિતનો નાશ થતાં આપોઆપ સહકારી ભૂતો અક્રિય બને છે. લોકો કહે છે કે, પુનર્જન્મ થયો, મૃત્યુ થયું, સ્પર્શેન્દ્રિયદ્વારા કોમળ સ્પર્શોના ભોગોથી આનંદ લુંટો. અમૃતજેવાં ભોજનો અને પીણાં કરીને રસનેંદ્રિયના નામને યથાર્થ બનાવો! સૌરભ્ય ઉપવનોમાં વિચરીને, ચંપક, મોગરા, ગુલાબ આદિ પુષ્પોને અને તેની માલાઓને શરીરપર વીંટીને વિલાસી ઘ્રાણેન્દ્રિયને તૃપ્ત કરો! શૃંગાર રસના સાગરમાં ગળાડુબ થએલી હાવભાવ, વિલાસ, વિભ્રમ આદિ કામજનક લટકાઓ કરતી નર્તિકાઓના નાટકોવાળી, વિચક્ષણ બાળાઓના નાટકમાં રસ લેતા થઇ ચક્ષુ ઇન્દ્રિયને તૃપ્ત કરો! બંસી, વીણા, મૃદંગના મધુર તાલો, મધુર ધ્વનીથી ગવાતા સંગીતને સતત સાંભળીને શ્રોત્ર–યુગલને સફલ કરો! પુણ્ય નથી, પાપ નથી, એના ફલરૂપ સુખ યા દુ:ખ નથી! તેનો કોઈ ભોકતા નથી કે કર્તા નથી.

નાસ્તિક મતનો સૂત્રધાર જનવર્ગમાં નાસ્તિકતાનું વાતાવરણ પ્રસારે છે. લાખ્ખો માર્ગસ્થોને ઉન્માર્ગી બનાવવા તર્ક–વિતર્ક કરીને મૂલ વિનાની દલિલો રજુ કરે છે; પણ આસ્તિક ધર્માત્માની દલિલો પાસે નાસ્તિકોની દલિલો એક સેકન્ડ પણ ટકતી નથી. આસ્તિકવાદીઓ નાસ્તિકોને દલીલ કરે છે કે, તમો માત્ર પ્રત્યક્ષ પદાર્થોની શ્રદ્ધા ધરાવો છો પણ તમોને દલિલ કરતાં એક પ્રશ્ન ઉભો થાય છે કે, તમો પ્રત્યક્ષ પદાર્થોને જ માનો છો, તો કેટલાએક એવા પદાર્થો પણ છે, જે પ્રત્યક્ષ ન હોવા છતાં માનવા જ પડે છે જેમ આકાશ: નાસ્તિકોની વિચાર–વાણી સાંભળતાં પણ પ્રાણીઓ દુર્ગતિગામી બને છે.

શરીરમાં રહેલ આત્મા ન માનીએ તો હું સુખી, હું દુઃખી, એવી ભિન્ન લાગણીઓ પ્રાણીઓને શાથી થાય છે? જેમ અગ્નિમાં દાહક ગુણ છે, તો સર્વસ્થળે તે દાહક ગુણને અભેદપણે જ વળગી રહે છે, તેમ ચેતના શક્તિ ભૂતોનો ગુણ માનીએ તો દરેક આત્મા–ચેતનાનો એક સરખોજ સ્વભાવ હોવો જોઇએ. તે તો ઉલટો અનુભવ થાય છે. વળી ભૂતોના સમુહથીજ ચેતના પેદા થએલી માનીએ તો ભૂતો જગતના સર્વસ્થળે ભમે છે. આપોઆપ માનવો પેદા થતા નથી અને આપોઆપ ચેતનાશક્તિ પણ દેખાતી નથી. આત્મા શરીરથી ભિન્ન છે. પરલોકમાંથી કર્માનુસાર ગતિ મેળવે છે. પુણ્ય–પાપના ફળરૂપે સુખદુઃખનો અનુભવ પણ આત્માજ કરે છે. કર્મોનો કર્તા–ભોકતા પણ આત્માજ છે. બુદ્ધિના વ્યવસાયથી પણ જ્ઞાત થાય છે કે, આત્મા છે. **रथगत्येव सारथिः** રથ માર્ગમાં ચાલતો હોય તો હાંકનાર સારથિ છે એમ અનુમાન થાય છે, તેમ આત્માનીસિદ્ધિ માટે પણ અનુમાન પ્રબળ ગણાય છે; કારણકે દુઃખ કોઇને પ્રિય નથી. સુખ કોઈ પણ છોડવા ચાહતું નથી. સંયોગ વિવશ સુખ છોડવું પડે છે, દુઃખ વ્હોરવું પડે છે. ભૂતગણ માનીએ તો સુખ-દુઃખની લાગણી ભિન્ન ન થાય. પૂર્વજન્મની આત્મશક્તિ જો ન માનીએ તો તુરતનું જન્મેલ બાળક સ્તનપાન કરવા લાગે છે, પ્રતિકૂળતાના પ્રસંગમાં રૂવે છે, ગીત, હાલરડાં સાંભળતાં પ્રફુલ્લિત રહે છે; આ સઘળું એ પૂર્વસંસ્કારનું જ ફળ છે. એક બાળક કદરૂપો, પાતળો, અંધો, પાંગળો અને જડબુદ્ધિ ધરાવે છે. આ સઘળુંએ પૂર્વસંચિત હોઇ શક્તિધારી આત્મા છે જ એમ નક્કર સાબીત થાય છે. બાલવય પૂર્વાવસ્થા, વૃદ્ધત્વ આ દશાઓ પણ ચેતનાશક્તિને આઘાત–પ્રત્યાઘાત પહોંચાડે છે. તો એ પણ કર્મ નિદાન મનાય છે. એક જગતનો સર્વમાન્ય વ્યવહારૂ કાયદો છે કે, કારણમાં જે ગુણ હોય છે તેજ કાર્યમાં પેદા થાય છે. જડમાંથી ચેતના પેદા ન જ થાય; જેમ રેતીને પીલતાં તેલ ન જ નીકળે કારણકે તેલનું કારણ તલ છે, પણ રેતી નથી. કારણકે, એક તલમાં પણ તેલનો અંશ હોય છે અને સઘળાયમાં હોય છે.

જો ભૂતોનો ગુણ ચેતના માનીએ તો ભૂતોના પરમાણુઓમાં ચેતના પ્રગટતી દેખાવીજ જોઇએ. વિશેષ પ્રકારે કદાચ માનો કે, શક્તિ ન દેખાય, પણ થોડાવત્તા અંશે પૃથ્વી, જળ, વાયુ, તેજમાં શક્તિ પ્રગટવી જોઇએ એ અનુભવ થતો નથી.

જુદા જુદા ભૂતોથી ચેતનાશક્તિ પેદા થાય છે, એમ કહો તો ભૂતોના ગુણો જુદા જુદા હોવાથી એક સ્વભાવવાળી શક્તિ પેદા ન થઈ શકે; તેમજ ભિન્ન ભિન્ન ભૂતોમાં ચેતનાનો સદ્‌ભાવ ગુણ માનો તોપણ અસત્ય છે, કારણકે ભિન્ન ભૂતોના ગુણ જુદા જુદા છે. પૃથ્વી, રૂપ, રસ અને સ્પર્શ ધારણ કરે છે. પાણી, સ્પર્શ, રૂપ, રસ, ગુણને ધારણ કરે છે. અગ્નિ, સ્પર્શ, અને રૂપને ધારણ કરે છે. વાયુ, માત્ર સ્પર્શ ગુણનેજ ધારણ કરે છે. જળથી વિભિન્ન ગુણવાળાં મોતી પેદા થાય છે. તેમ ચેતના પણ ભૂતોથી પેદા થાય છે, એમ નાસ્તિકોની દલિલ હોય તો તે વજુદ વિહોણી છે. મોતીના વર્ણ વિગેરે જળને મળતા છે, તેમ શરીર અને ચેતના, ભૂતોના ગુણોને મળતા નથી, પૃથ્વ્યાદિ પુદ્‌ગલો ચેતનાને પેદા ન જ કરી શકે. પ્રત્યક્ષ આદિના દ્રષ્ટાંતો પણ બંધબેસતાં નથી જ; કારણકે, તે લાગણી વગરનાં છે, એટલે પુણ્ય–પાપ જેવી વસ્તુ ત્યાં નજ સંભવે; ચેતનાશક્તિની સિદ્ધિ કરતાં અચેતનાવંત પદાર્થોના દ્રષ્ટાંતો વિષમ–અસમ્બન્ધ મનાય છે. જુઓ એક દાતા છે, એક દાયક છે, એક રાજા છે, એક સૈનિક છે, એક મહર્ધિક છે, એક કંગાળ છે, એક બુદ્ધિવંત છે, એક મૂર્ખ છે, એક દુઃખી છે એક સુખી છે. આ સઘળીયે વિવિધતાઓ પુણ્ય–પાપના ફળરૂપેજ છે, પુણ્ય–પાપ, આભવ, આગામિ ભવ ન માનનાર મિથ્યામતિ ગણાય છે.

અંતમાં અભિરૂતાથી ઘોર પાપો આચરીને નરકગામી બને છે. દરેક પ્રાણીઓએ વિવેક દાખવીને નાસ્તિક મતનો અનાદર કરી, શ્રદ્ધાળુ બનીને આત્મશ્રેય સાધક પંથના પથિક બનવું. સુખને ઇચ્છનારાઓએ પુણ્યનાં કૃત્યો કરવા સાથે અનાચારોને ત્યાગવા ઉજમાલ રહેવું. જડ પદાર્થોના પ્રીતિ છોડી આસ્તિક બનવું એજ આત્માની સાચી અનુભવ દિશા છે, એજ સુખની અંતિમ સીમા છે.

# લોક કહેવતોમાં સુભાષિતો

પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ

આભાણુશતક નામના સંસ્કૃત ગ્રંથપરથી તેનો ગૂજરાતી ભાષાનુવાદ ઉપરના મથાળા હેઠળ અપાય છે. ગતવર્ષના ૬–૭ માં અંકથી બાકી રહેલો આગળનો ભાગ અહિં રજૂ થાય છે. સં૦

**अहिकं समतासौख्यं त्यक्त्वा कः पारलौकिम्,**
**कटिस्थं तनुजं यद्वदुदरस्थं समीहते. ५९**

આ લોકના સમતાસુખને મૂકી, પરલોકના ભોગસુખોને ઇચ્છનારો આત્મા; કેડમાં રહેલા પુત્રને ત્યજી, પેટમાં રહેલાને ઇચ્છે છે.

**साधुत्वं येन संप्राप्य, निन्द्याचारः कृतः स्वयम्**
**धूलिक्षेपः स्वहस्तेन, हस्तिनेव स्वमस्तके. ६०**

જેણે સાધુપણાંને સ્વીકારીને, પોતાના આચારો મલીન કર્યા છે, તે પોતાની સૂંઢવડે પોતાનાં માથાપર ધૂળ નાંખનારા હાથીની જેમ મૂર્ખાઈ કરે છે. ૬૦

**यत्र पद्मं तत्र हंसा, वसन्ति मुदिताशयाः**
**तथैव यत्र कल्याणं, तत्र तिष्ठन्ति साधवः ६१**

જ્યાં કલ્યાણ હોય ત્યાં જ સાધુઓની પ્રવૃત્તિ હોય છે. જેમ જ્યાં પદ્મ હોય ત્યાં જ હંસ હોય છે. ૬૧

**कर्मवैरिविनाशाय, यतते यतिपुङ्गवः**
**ज्ञानवान् तपसा शूरः, सिंहः सन्नाहसंयुतः ६२**

કર્મરૂપ વૈરીઓના નાશને માટે જ્ઞાનવાન તપસ્વી શૂર મુનિપુંગવજે પ્રયત્ન કરે છે તે સન્નાહથી સહિત સિંહની જેમ ગણાય છે.

**कामं शरीरसत्कारो, न्यत्कारः शिववर्त्मनाम् ।**
**विहितो यतिना तेन, सुप्तः सिंहः प्रबोधितः ६३**

શરીરનો અત્યંત સત્કાર એ મોક્ષમાર્ગમાં પ્રતિકૂળ છે. તેને આચરનાર મુનિ સુતેલા સિંહને જગાડે છે. ૬૩

**स्वयंपठनशीलानां, शिष्याणां प्रेरणं तथा,**
**यथा स्वयंसुजात्यानां, भारमुद्वहतां गवाम्. ६४**

પોતાની મેળે સ્વાધ્યાયાદિમાં તત્પર એવા શિષ્યોને પ્રેરણા કરવી તે પોતાની મેળે ભારને વહન કરનારા સુજાતિ બળદોની જેમ હિતકર છે.

**मुमुक्षुणां हिरण्यादिरक्षणं विषभक्षणम्**
**न शोभते यथाऽतीवजीर्णगोगॅलघण्टिका. ६५**

સંસારથી વિરક્ત મુમુક્ષુ આત્માઓએ ધનને સાચવવું એ વિષભક્ષણ જેવું છે. અત્યંત વૃદ્ધ બળદને જેમ ગળે ઘંટડી શોભે નહિ તેમ મુનિઓને સુવર્ણ આદિ પરિગ્રહ શોભતો નથી

**सम्यग्गृहीते चारित्रे, लज्जायाः करणं तथा,**
**नृत्ये नट्याः प्रवृत्तायाः वदनाच्छादनं यथा. ६६**

સારીરીતે સંયમ ગ્રહણ કરનાર મુનિને લજ્જા હોવી એ નાચવા તૈયાર થયેલી નટીને મોઢું ઢાંકવા જેવું છે. ૬૬

**मुनयो यदि कुर्वन्ति, मार्गलोपं यथा तथा,**
**वृत्तिश्चिर्भटिकानत्ति, पुरतः कस्य कथ्यते ? ६७**

સંસારના ત્યાગી મુનિવરો જો માર્ગનો લોપ કરે તો વાડ ચીભડા ગળે તેની જેમ એ કોની આગળ કહેવાય? ૬૭

**चारित्रं पृष्ठतः कृत्वा, लज्जया मोक्षकामना,**
**पात्रं तु पृष्ठतः कृत्वा, तक्रार्थं गमनं तथा. ६८**

મોક્ષની ઈચ્છાથી ચારિત્ર ગ્રહણ કરીને લજ્જાથી તેને પાછળ કરવું તે ખરેખર છાશ લેવા જવું અને દોણી સંતાડવા જેવું છે. ૬૮

**मरौ सुरतरुप्राप्तिर्दारिद्र्ये निधिदर्शनम्,**
**कलौ च बोधिबीजाप्तिर्दुर्भिक्षे पायसाशनम्. ६९**

જેમ મરૂભૂમિમાં કલ્પવૃક્ષ, દરિદ્ર અવસ્થામાં નિધિ અને દુકાળમાં દૂધપાકનું ભોજન; તેની જેમ કલિકાલમાં બોધિબીજની પ્રાપ્તિ દુર્લભ ગણાય છે. ૬૯

सिद्धान्तवाचनं पूर्वं, व्याख्याता यत्र पण्डितः
तस्योपमानमास्थेयं, शर्करा दुग्धमिश्रिता ७०

સિદ્ધાંતોની વાચના અને તેમાં વ્યાખ્યાકાર પંડિત તો ખરે દુધમાં સાકર જેવું એ કહેવાય.૭૦

सिद्धान्तवाचनं टीकां विना चारुतरं नहि,
तस्योपमानं जानीहि,बालकाङ्गुष्ठधावनम्. ७१

સિદ્ધાંતના શાસ્ત્રોની વાચના, એ ટીકા આદિ વિના સારીરીતે શોભી શકે નહિ. ટીકા વિના સિદ્ધાંત વાંચવા એ બાળકના અંગૂઠા ધાવવા જેવું નિરર્થક છે. ૭૧

कुग्रहग्रहदुष्टस्य, सिद्धान्तश्रावणं तथा,
अन्धस्य पुरतो दीप्रप्रदीपकरणं यथा. ७२

કદાગ્રહના ગ્રહથી દુષ્ટ આત્માને સિદ્ધાંત સંભળાવવા એ આંધળા આગળ દીવો સળગાવવા જેવું છે. ૭૨

अङ्गोपाङ्गादयो ग्रन्था, द्वादशाङ्ग्यां प्रतिष्ठिताः
गवादीनां यथा पादा, हस्तिपादे महत्तरे. ७३

અંગ ઉપાંગ, છેદ, પ્રકીર્ણ, આદિ આગમો એ દ્વાદશાંગીમાં રહેલા છે. કારણકે, હાથીના પગમાં ગાય આદિના પગલાં સમાઇ જાય છે.

यत्र नीरं तत्र पङ्को, यथाऽस्ति कमलाकरे,
अपवादोऽपि तत्रास्ति, यत्रोत्सर्गः प्रवर्तते. ७४

જેમ જ્યાં પાણી ત્યાં કાદવ, એ સરોવરમાં હોય છે. તેમ જ્યાં ઉત્સર્ગ હોય ત્યાં અપવાદ શાસ્ત્રોમાં હોય છે. ૭૪

स्वयं यः सुमतिः पूर्वं, परं सिद्धान्तपारगः
नर्तकः किङ्किणीयुक्तचरणः शोभते यथा. ७५

જે પોતે સ્વયં બુદ્ધિશાળી છે, તે જો સિદ્ધાંતનો પારગામી હોય તો નાચનાર અને પગમાં ઘુઘરીઓવાળાની જેમ એ શોભે છે. ૭૫


## સારાભાઈ નવાબનાં બે નવાં પ્રકાશનો

## શ્રી જિન દેવદર્શન ચોવીશી

શ્રી ઋષભદેવાદિ ચોવીશ તીર્થંકરો તથા દેવી સરસ્વતિ, દેવી લક્ષ્મીદેવી તથા દેવી પદ્માવતી દેવી સહિતનાં ૨૮ ચિત્રોના ટાઈમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસમાં કરેલા પચરંગી બ્લોકો પરથી તૈયાર કરેલ આ ચોવીશીમાં દરેકે દરેક તીર્થંકરોની પાછળ રંગબેરંગી પૂઠીયાંની જુદી જુદી ડીઝાઇનો પણ આપવામાં આવેલી હોવા છતાં **:મૂલ્ય માત્ર સવા રૂપીયો:**

## શ્રી જૈન યંત્રાવલિ

૧ કલિકુંડ પાર્શ્વનાથનો યંત્ર. ૨ શ્રી વર્ધમાન વિદ્યાનો યંત્ર. ૩ શ્રી સંતિકર સ્તોત્રના અધિષ્ઠાયકોનો યંત્ર. ૪ મોગલ સમયનો શ્રી સિદ્ધચક્રજીનો મોટો યંત્ર. ૫ અમેરિકાના બોસ્ટન મ્યુઝીયમમાં આવેલો શ્રી ઋષિમંડલનો યંત્ર. ૬ શ્રી સરસ્વતિ દેવીનો મોટો પ્રાચીન યંત્ર ૭ શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનો મોટો યંત્ર. તથા ૮ શ્રી પંચાંગુલી દેવીનો પ્રાચીન યંત્ર. આ આઠે યંત્રો તદ્દન પહેલીજ વાર સુંદર આર્ટ કાર્ડ પર તેના વિધિ વિધાન સાથે છપાયેલ છે. **: મૂલ્ય માત્ર પાંચ રૂપિયા :**

**સારાભાઈ મણીલાલ નવાબ** નાગજી ભૂદરની પોળ—**અમદાવાદ**

માનવે જીવનના દૃષ્ટિકોણને વિચારી કર્તવ્યની કેડી પર ચાલવું જોઇએ.

# માનવીનું જીવનધ્યેય!

શ્રી મફતલાલ સંઘવી

માનવ–માનવને અંતરે, વહી રહી છે સમતાની શાશ્વત–ગંગા! તેમાં જે સ્નાન કરે, તેનું જીવન ધન્ય બને.

આજે, અહીં ને અન્યત્ર શોણિત–ફુવારા ઉડી રહ્યા છે. ધરતીની રસકસવતી છાતી ઉપર ટપકતાં રક્તબિંદુઓમાંથી પ્રગટતા રક્તવર્ણી ભાવોએ, પ્રજા જીવનની ઉજળી આકાંક્ષાઓને ઢાંકી દીધી છે.

મહામાનવ બનવાને જન્મતો માનવી, આજે કેવળ 'લોહી વહેવરાવવાની' અપવિત્ર વાતો માંડી રહ્યો છે. તેની સઘળી પવિત્ર શક્તિઓનો નાશ કરીને, તે નાશવંત પદાર્થોને મેળવવાની ઘેલછામાં અહીં-તહીં ભટકી રહ્યો છે.

સમતાની ગંગાના જળ આડે, મમતાનો વજ્રકોટ ચણાઈ રહ્યો છે. પોતાનું જે છે તેને છોડીને, પારકું પોતાનું કરવાની એક માત્ર લાલસામાં, સ્વર્ગીય જગતના સઘળા બાગ–બગીચાઓને તે ઉજાડી રહ્યો છે.

સર્જનશીલ પ્રતિભા ધરાવતો માનવી, આજે સંહારશીલ્પ પ્રવૃત્તિઓનો પ્રણેતા બન્યો છે. દિન–રાતની તેની સઘળી પળો કેવળ મારામારીના વિચારોમાં વ્યતીત થઇ રહી છે. તે એટલું પણ નથી સમજી શકતો કે, હું આ બધું કોના માટે? અને કેટલા કાળ માટે કરી રહ્યો છું? એક પણ સુવિચાર આજે તેને સુઝતો નથી.

જે દેશમાં જ્યાંસુધી આવીજ પ્રવૃત્તિઓ ધરાવતા માનવોનો મોટો ભાગ અસ્તિત્વ ધરાવતો હોય, ત્યાંસુધી, તે દેશ ગમે તેટલો સમૃદ્ધિશીલ હોય, છતાંય રંકજ ગણાય. સ્વતંત્ર છતાં, તેનું ભાવિ અચોક્કસ અને અંધારઘેરૂં ગણાય.

વર્તમાન જગતની શાન્તિના ઉપાયો તરીકે તે તે દેશના અગ્રણીઓ નીચે મુજબનાં સૂચનો ધ્યાનમાં લે એવી વિનંતિ છે.

[ ૧ ] એક બીજાના ઝુંટવાયલા સ્વતંત્ર માનવહક્કો એકબીજાને પાછા સોંપે.

[ ૨ ] અવારનવાર પાડવામાં આવતી અર્ધ-સમજપૂર્વકની હડતાળોનાં મુખ્ય કારણોને વિચારી, તેને શક્ય બનાવતા માર્ગોને નીતિના નિયમો મુજબ નાબુદ કરવામાં આવે.

[ ૩ ] એકને, બીજાથી; બધી રીતે અલગ પાડતી,શિક્ષણપ્રથાના મૂળમાં આવશ્યક સુધારા-વધારા કરવામાં આવે.

[ ૪ ] રાષ્ટ્રની અનામત થાપણ જેવા નવ-યુવકો અને યુવતીઓનાં જીવનમાં સદાચાર ને સૌન્દર્યનાં તત્ત્વો દાખલ કરવામાં આવે.

[ ૫ ] પ્રાણીમાત્રને અભયની બાંહેધરી આપવામાં આવે.

તે તે રાષ્ટ્રોના મોવડીઓ મારા ઉપરોક્ત સૂચનો ઉપર લાંબો વિચાર કરીને દૃષ્ટિ દોડાવશે તો તેમને જરૂર સમજાશે કે, વર્તમાન જગતની અશાન્તિનું મૂળ ક્યાં છે?

સમગ્ર માનવજાતને ભક્ષવા તત્પર બનેલી જગતની વર્તમાન અશાન્તિના પ્રયોજકો પણ માનવજ છે. જે જે કારણોને 'રાજકીય દૃષ્ટિ'ની અગત્યતા આપીને તેઓ એકબીજા સાથે ઝઘડી રહ્યા છે, તે તે કારણોના મૂળમાં નજર નાખતાં એટલું સ્પષ્ટપણે અવલોકી શકાય છે કે, માનવ જીવનના વર્તમાન દૃષ્ટિકોણને અભ્યસવામાં તેમની ખૂબજ પરિમિત દૃષ્ટિ નિષ્ફળ નીવડી છે, ને તેના પરિણામે જગતમાં આજે સઘળે અંધાધુંધી પ્રવર્તી રહી છે.

પ્રવર્તતી અંધાધુંધીને દૂર કરવાના પ્રધાન ઉપાય તરીકે, વર્તમાન જગતના પ્રખર શાંતિવાદીઓની એક સભા મળે ને તેઓ માનવ-જીવનની મહત્તાનું યથાર્થ મૂલ્ય આંકી, નવેસરથી તેમને જગતના નાગરિકો તરીકેના સર્વ હક્કો સોંપવામાં આવે, તો આપોઆપ સઘળું સમેટાઇ જાય.

પરમપદનો અધિકારી માનવી આજે તુચ્છ વસ્તુઓને હાંસલ કરવાની મારામારીમાં પડયો છે. તેને પોતાની વાસ્તવિક અસ્મિતાનો ખ્યાલ પણ નથી. જગતમાં જન્મીને શું કરવું જોઇએ અને શું નહિ? તેની પણ તેને ખબર નથી.

ધર્મ—સંસારસાગરની જે પાળ, તેનાજ ઉપર બેસીને મનગમતી રીતે વર્તતો માનવી, જગતને પ્રલયના અગ્નિમાં ધકેલી રહ્યો છે. ધર્મની જે પાળ ઉપર બેસીને તે આજે અપકૃત્યો આચરી રહ્યો છે, તે પાળ તૂટતાં જ જગતના સાતેય સાગરો માઝા મૂકશે અને માનવ–સંસ્કૃતિ અલોપ થશે!

શારીરિક, માનસિક કે વાચિક એ ત્રણમાંથી ગમે તે પ્રકારની મારામારીથી માનવીનું સંસાર-ભ્રમણ વધે. મુક્તિ એ જેનું જીવનધ્યેય ગણાય છે– તે માનવી દિનરાત ભિન્ન ભિન્ન પ્રકારની સાંસારિક મારામારીઓમાં રચ્યોપચ્યો રહેશે તો, તેનું તે જીવનધ્યેય કઇરીતે પરિપૂર્ણ થશે? મુક્તિના પરમ શિખરે તે કયારે પહોંચી શકશે?

ઉપર ઉપરથી શાન્તિની વાતો કરતા, ભિન્નભિન્ન માનસ ધરાવતા માનવો, જ્યારે કોઇ એકાદ પ્રશ્નનો નીકાલ લાવવા એક સ્થળે એકત્ર થાય છે ત્યારે, જે પ્રશ્નનો નીકાલ લાવવાનો હોય છે, તેને ભૂલી જઇને તેઓ ત્યાં, બીજા નકામા પ્રશ્નો ઉભા કરે છે, ને અંદરોઅંદર ઝઘડીને વીખેરાઇ જાય છે.

આમ થવાનું મુખ્ય કારણ એ હોય છે કે, માનવી જ્યારે પોતાના સ્વાર્થ ઉપર ઘા થતો જુએ છે, ત્યારે તેનાથી તે સહન થઇ શકતું નથી, અને ભરસભામાં તેનાથી તે સંબંધી કાંઈ બોલાતું નથી. એટલે બીજી ત્રીજી વાત ઉભી કરીને, પોતાની જાતને ઉગારી લે છે, અને પરિણામે મૂળ પ્રશ્ન કે જેના નીવેડા માટે સહુ એકત્રિત થયા હોય છે તે ચર્ચાયા વગરનોજ રહી જાય છે.

પોતાના અંગત સ્વાર્થને સુરક્ષિત રાખવા જતાં, જે વ્યક્તિ, સમાજ, ગામ કે રાષ્ટ્રના સામુદાયિક હિતને નુકસાન પહોંચાડવામાં, ‘ મારે એમાં શું ? ’ એવું સમજતી હોય તેણે સમજી લેવું જોઇએ કે, એજ અંગત–સ્વાર્થ કે જેને પોષવા જતાં તે વ્યકિત સમાજ, ગામ કે રાષ્ટ્રના હિતને જોખમાવતાં પણ કંપતી નથી. એક દિવસ તેને વન–વનનો કરી મુકશે ને તે દિવસે કોઈ તેને યારી નહિ આપે.

ઉજ્વળ જીવનધ્યેયને પોતાની નજર સામે રાખી, દૃઢ પગલે સંસાર પ્રવાસ ખેડનારો માનવી ખુબ શાતાપૂર્વક જીવી શકે છે અને મૃત્યુ પછીના જીવનમાં પણ તેના જીવને શાતા જ વર્તે છે.

હૃદય પર હાથ રાખી, સદા સહુનું કલ્યાણ વાંચ્છતો માનવી, સ્વકલ્યાણ સાથે પરકલ્યાણના કાર્યોનો પણ ભાગીદાર બને છે. તેના જીવનમાં અસંતોષની આગ ડોકિયાં નથી કરી શકતી. સમતાના શિખર ઉપર ઉભેલાને, અશાતારૂપી સરિતાના જળની છાલકો નજ ભીંજવી શકે.

દુઃખપૂર્ણ આ સંસારમાં જ્યાં જ્યાં સ્નેહ, સંયમ ને સત્યનો વસવાટ છે ત્યાં ત્યાં સદા સુખનીજ સમધુર સમીર લહરીઓ લહેરાતી હશે. સહુ એવા જીવનના અધિકારી બને એજ ભાવના છે.

# સમ્યગ્દર્શન અને તેની પ્રાપ્તિના ઉપાયો

ડાક્ટર, વલ્લભદાસ નેણશીભાઈ

સમ્યગ્દર્શનનો બહુ જ ટુંકો અને સરળ અર્થ એ છે કે, સાચી, શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મમાં અચલ શ્રદ્ધા અને અડગવિશ્વાસ તે શ્રદ્ધાનો મુખ્ય અર્થ છે. માનસિક પ્રકૃતિનો એ નિયમ છે કે, જેવો જેવો જીવનો વિશ્વાસ હોય તેવી તેવી તેની ભાવના હોય તેવી તેવી તેની ગતિ અને ચેષ્ટા હોય, અને તેનું સ્વરૂપ પણ તેવુંજ બને. શ્રદ્ધાદ્વારા દાની પુરૂષોનાં શ્રવણ–સ્તવન અને સ્મરણથી કૃપણ પણ ઉદાર થઇ શકે છે. વીર પુરૂષોની શ્રદ્ધાદ્વારા, શ્રવણ સ્તવન અને સ્મરણથી કાયર પણ વીર બને છે. દયાળુ પુરૂષોની શ્રદ્ધાદ્વારા શ્રવણાદિથી કઠોર પણ દયાળુ થાય છે. આથી ઉલટું કૃપણોમાં શ્રદ્ધા કરવાથી ઉદાર પણ કૃપણ બને છે; કાયરોમાં શ્રદ્ધા કરવાથી વીર પણ કાયર બને છે, કઠોરમાં શ્રદ્ધા કરવાથી કોમળ પણ કઠોર બને છે. સંસારમાં જે કોઈ પુરૂષને સાંસારિક વિદ્યા અથવા વ્યવસાયની જે પ્રાપ્તિ થઈ હોય છે, તે તેની શ્રદ્ધાનું ફળ છે. શ્રદ્ધા વિના જો તુચ્છ સાંસારિક કળા કૌશલ્યાદિની પ્રાપ્તિ પણ જો અશકય છે, તો શ્રદ્ધા વિના સમકિતરૂપી અગમ્ય વસ્તુ, જે મન ઇન્દ્રિયોથી અતીત છે, તેની પ્રાપ્તિ થવી કેમ કરી સંભવે? ઉપર મુજબ નિષ્કામજિજ્ઞાસુ જેનું અંતઃકરણ ગુરૂ-શાસ્ત્રના વચનોમાં શુદ્ધ સાત્વિક શ્રદ્ધાથી પૂર્ણ છે, તે વીતરાગ પરમાત્માના અનેકવિધ ગુણોનું સંસ્મરણ કરી તેમના સ્તવનભક્તિનો આશ્રય લઈ અંતિમ આત્મનિવેદન ભક્તિને પ્રાપ્ત કરી શકે છે, અને ઉપાસક ભાવથી ઉંચે ચડી ઉપાસ્યરૂપ બનીને ઉપાસ્ય દેવની ઉપાસના કરી શકે છે, તેમ જ સાધકમાંથી સિદ્ધ બની જાય છે. મહાન તત્વજ્ઞ શ્રીમદ્ દેવચંદ્રજી પણ પોતાના સુવિધિનાથજિન કૃત સ્તવનમાં લખે છે કે,

પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ–પ્રભુતા લખે હો લાલ
દ્રવ્યતણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓલખે હો લાલ,
ઓલખતાં બહુ માન સહિત,રૂચિ પણ વધે હો લાલ
રૂચિ અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે હો લાલ.

વાસ્તવમાં આજ નિરાકાર ઉપાસના છે. જે સાકાર ઉપાસના દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. એ દ્વારા દેહ અને ઇન્દ્રિયો વિગેરે ઉપરનો સાધકનો અધિકાર અનાયાસે ઓગળી જાય છે. આ માર્ગને નહીં અનુસરતાં વિપરીતરીતે સાકાર ઉપાસનાનો ત્યાગ કરીને (વ્યવહાર માર્ગનો લોપ કરીને) નિરાકાર ઉપાસનાની [નિશ્ચય માર્ગનેજ અવલંબવાની] હઠ પકડી રાખવી એ કેવળ પ્રલાપ માત્ર છે.

સમ્યકત્વના ૧૦ ભેદ, દશ પ્રકારના રૂચિ-વંત જીવો માટે શાસ્ત્રકારોએ વર્ણવ્યા છે. તે તે મુજબ અનુસરનાર સમ્યકત્વને પ્રાપ્ત કરી શકે છે.

(૧) **નિસર્ગરૂચિ**—જિનેશ્વરને જોતાં તે જીવ–અજીવ–પુણ્ય–પાપાદિક ભાવો તે દ્રવ્ય-ક્ષેત્ર, ભાવ ભેદે કાળ, નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવભેદે એ પ્રમાણે ચાર પ્રકારે પોતાની મેળે સદ્દહે, જે એમ જ છે; પણ શ્રી જિન-ભાષિત અન્યથા નથી. તે નિશ્ચલ માને તે નિસર્ગ રૂચિ સમકિત.

(૨) **ઉપદેશ રૂચિ**—જિનોક્ત સિદ્ધાંતમાં કહેલા જે જે ભાવ તે ઉપદેશદ્વારાએ બીજાની પાસેથી સાંભળીને અવિતથ્ય સદ્દહે જેમકે,

ભાવ અવિશુદ્ધ–સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે,
તે તેમ અવિતથ્ય સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવરે
આનંદઘનજીકૃત–શાંતિનાથપ્રભુ સ્તવન.

**આજ્ઞારૂચિ**—રાગ-દ્વેષ અને અજ્ઞાનરહિત, વીતરાગ પરમાત્મા, તેમની આજ્ઞાને વિષે અત્યંત આદર હોય તે.

(૪) **સૂત્રરૂચિ**—સૂત્ર જે સિદ્ધાંત તેને ભણવા તથા સાંભળવાની તીવ્ર ઉત્કંઠા અને અભિલાષા–કારણકે જેમ જેમ શ્રુત અવગાહે તેમ તેમ સમ્યકત્વને પાળવાનું સુલભ બને.

(૫) **બીજરૂચિ**—એકાદ પદનો અર્થ સાંભળી અનેક પદમાં મતિ પ્રસારે એટલે મૂલ વાત પામીને બીજી નહીં કહેલી વાત પામી જાય તે.

(૬) **અભિગમરૂચિ**—અગીયાર અંગ બાર ઉપાંગ, આદિના ગંભીર અર્થને જાણે તેમજ અર્થ જાણવાની ચાહના રાખે.

(૭) **વિસ્તારરૂચિ**—છ દ્રવ્ય તેના ગુણ, પર્યાય–ત્રિપદી–તેને સર્વ નય, ભંગ, પ્રત્યક્ષ, પરોક્ષ પ્રમાણે સ્યાદ્વાદ શૈલિએ સપ્તભંગી પ્રરૂપણાએ જાણે તે.

(૮) **ક્રિયારૂચિ**—બાહ્યક્રિયાની સમજણપૂર્વક ઘણી ચાહના હોય તે.

(૯) **સંક્ષેપરૂચિ**—બીજા દર્શનોનો આગ્રહ ન હોય. થોડું કહેવા થકી ઘણું જાણે, કુમતિમાં પડે નહીં, અને જિનાગમ વિષે નિપુણ ન હોય તોપણ સરળપણે કદાગ્રહ ધરે નહીં તે.

(૧૦) **ધર્મરૂચિ**—પંચાસ્તિકાયનું સ્વરૂપ જાણી શ્રુતધર્મ અને ચારિત્રધર્મને બાહ્ય–અભ્યંતરભાવે શ્રીજિનોક્ત માર્ગ સદ્દહે, સકળ સ્વભાવ–વિભાવ સ્વરૂપ જાણે અથવા તો તેને હેયોપાદેય ભાવે યથાયોગ્ય સદ્દહે તે.

આ સમ્યકત્વગુણની પ્રાપ્તિ તે મિથ્યાત્વના ત્યાગથી થાય. તે મિથ્યાત્વના પાંચ ભેદ. અભિગ્રાહિક, અનભિગ્રાહિક, અભિનિવેશિક, સાંશયીક, અને આભોગિક, આ ઉપરાંત બીજા છ ભેદ–લૌકિક દેવગત, ગુરૂગત, ધર્મગત, અને લોકોત્તર દેવગત, ગુરૂગત અને ધર્મગત-તથા એ ઉપરાંત દશ પ્રકારે વિપરીત વાસનારૂપ મિથ્યાત્વ આ ઉપરાંત પ્રદેશ, પરિણામ, પ્રરૂપણા અને પ્રવર્તન આ બધાનું વિસ્તારપૂર્વક વર્ણન **સમ્યગ્પ્રદીપ, અધ્યાત્મકલ્પદ્રુમ, સમ્યગ્દર્શન** આદિ ગ્રંથોમાંથી જાણી લેવું.

એ પ્રમાણે જે મિથ્યાત્વ છે તે સઘળા દુઃખનું મૂળ કારણ છે. કોપ પામેલો દુશ્મન, કોપ્યો વાઘ તથા વૈતાલ જે ન કરી શકે તે દુઃખ એ મિથ્યાત્વ આપે છે–વ્યાધિ, મૃત્યુ, દારિદ્ર તથા વનવાસથી પણ મિથ્યાત્વસેવન અનંતગણું દુઃખદાયી છે. જેણે મિથ્યાત્વ જીત્યું તેણે સર્વ જગત જીત્યું. ઇંદ્રાદિકની રિદ્ધિ પામવી સહેલી છે, પણ મિથ્યાત્વ ટાળવું અતિ દુર્લભ છે. તે માટે આત્મસુખના અર્થી જીવોએ વિશેષ થકી મિથ્યાત્વનું શોધન કરી અને નિર્મળ શ્રદ્ધાન કરી, આઠ ગુણ નિશંકિય આદિ ગુણયુક્ત અને શંકાદિ દોષ વિમુક્ત સમ્યકત્વ દ્રઢ કરવા પ્રયાસ સેવવો આવશ્યક છે.

સમ્યગ્દર્શન–આત્મીય દશાનું પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. તથા ક્ષેત્ર કાલાદિ સંયોગો પણ એને માટે પ્રતિકૂળરૂપ છે. સદ્ગુરૂની નિશ્રા અને તેમની અનન્ય સેવા આજ્ઞા વિના પામવું દુર્લભ છે. કોઈ જીવ નિસર્ગથી કદાચ પામે. પરંતુ તે જીવે પણ પૂર્વભવમાં અધિગમ એટલે સદ્ગુરૂ સેવા, સત્શાસ્ત્રવાંચન, જિન પ્રતિમાદિનું સેવન કરેલું હોય તે તેના સંસ્કારો આ ભવ દ્રઢ થતાં આ ભવમાં નિસર્ગ (સ્વાભાવિક) સમ્યકત્વ પામી શકે.

તેના માટેના ઉપાયો તો વ્યવહારનયમાં જે દર્શાવ્યા છે, તેવા ગુણો સમ્યગ્દર્શનના કારણરૂપ છે, ને તે રૂજુસૂત્ર નયે પરિણમે તો તે જીવ સમકિત પામી શકે છે.

સમ્યગ્દર્શનની વાતો કરવી સહેલી છે, પરંતુ પામવું તો અતીવ દુર્લભ છે. ભવ્યજીવ, યથાર્થ ભદ્રિક, મિથ્યાદષ્ટિ હોય તોપણ આ કાળના માટે ઘણું છે. તેવા મિથ્યાદષ્ટિવાન જીવને

અતૂલ જોમ, શૌર્ય અને સ્થિતપ્રજ્ઞતા ભર્યો, રાષ્ટ્રના ભાગ્ય વિધાનનો ઘડવૈયો.

# મહાઅમાત્ય જંબૂ:

—શ્રી પન્નાલાલ જ. મસાલીઆ. રાધનપુર.

[ ૨ ]

[ પંચાસરની બાજુના જંગલમાં વિજેતા ગુર્જર સેપાહોની છાવણી. તંબૂઓની હારમાળા વચ્ચે શ્વેત બરફ જેવો શમિયાણો છે. ઠેર ઠેર સશસ્ત્ર સુભટોની ચોકી છે. અતલ અંધકાર વીંધી ઉષાનાં સુવર્ણ–કિરણો આવી રહ્યાં છે. જરા દૂર પંચાસરનાં જિનમંદિરોની શ્વેત ધ્વજા ફરફરી રહી છે,

હજારો સૈનિકો વિદ્યુતના ચમકારા જેવી ઝળહળતી શમશેરથી ખેલી રહ્યા છે. કોઇ યમદંડ જેવાં ધનુષની પણછ ચઢાવી રહ્યા છે. કોઇ મુદ્દગર ફેરવે છે તો કોઈ રણવાદ્ય બજાવી સૈનિકોને ખૂબ જ ઉત્તેજિત્ત બનાવી રહ્યા છે.

શમિયાણાને સુંદર રીતે શણગારવામાં આવ્યો છે. એક તરફ પલંગ ગોઠવેલો છે. ઉપર ઘેરા આસમાની રંગની ફૂલ જેવી મુલાયમ બિછાત પાથરેલી છે. એમાં મહાબાહુ વનરાજ ઘેરાતી આંખે અર્ધ જાગ સૂતો છે. યુદ્ધમાં લાગેલા સંખ્યાબંધ ઘાથી એ તાવમાં ફસડાઇ પડયો છે. પાસે વૈદ્ય ઔષધ ઘુંટી રહ્યો છે. એની ચિવટ અને ચિકિત્સા વનરાજની તબિયત સુધારી રહી છે.

પલંગની એક તરફ વ્યગ્રચિત્તે જંબૂ શેઠ બેઠા છે, એનું પ્રકાશિત વદન ચિંતાથી ઝંખવાઈ ગયું છે. એનાં સ્નેહવશ નયનો સ્થિરતાથી મહારાજને નિરખી રહ્યાં છે. પરન્તુ એનું હૃદય તો તરંગોની અનેકવિધ ડાળે ઝુલી રહ્યું છે. બીજી બાજુ અર્જુન અને અણહીલ બેઠા છે. એમના મોં પણ ફીક્કાં ભાષે છે. ]

વનઃ ( ઝબકી ) મીન....ળ !

જંબૂઃ ( માથા ઉપર હાથી રાખી ) શું છે—મહારાજ ?

વનઃ કોણ બોલ્યું ?

જંબૂઃ હું જંબૂ છું, મહારાજ !

વનઃ ( ચીસ નાખી ) જંબૂ! મીનળ આવી છે, ને એની પાછળ પેલો ચંદ....મ્હારી શમશેર ક્યાં ગઇ ? કેમ બોલતા નથી ?

જંબૂઃ ( ધીમેથી ) કઈ મીનળ ?

વનઃ પેલી કલ્યાણીની રાજસૂતા, જંબૂ ! એ પેલો સુવર્ણનો રત્નજડિત મુકુટ લેવા આવી છે !

જંબૂઃ ( સ્હેજ હસી ) મુકુટ ?

વનઃ હા.

જંબૂઃ ( વધારે હસી ) એને કહી દો મહારાજ, કે મુકુટનો હક્કદાર તો હું છું, ને તલવારની ધારથી પુનઃ મેં જીતી લીધો છે.

વનઃ ( જરા યાદ લાવી ) મારી તલવાર ?

જંબૂઃ કેમ ?

વનઃ ( અસ્વસ્થપણે ) મીનલ—

જંબૂઃ ( વચ્ચે ) સ્ત્રીહત્યા કરવી છે કે મહારાજ ?

વનઃ ( ધીમેથી આંખો ઉઘાડી ) એની સાથે

---

માટે પણ પૂ૦ ઉપાધ્યાયજી દ્વાત્રિંશિકામાં કહે છે કે,

**तादृश मिथ्यादृष्टिरपि, निसर्गेण,**
**भद्रको निरुपमकल्याणमूर्तिः**
**मिथ्यादृष्टिरपि, परमानन्दभाक् शिवराजर्षीवत्**

આવા જીવો પણ વર્તમાનકાળમાં બહુ અલ્પ સંખ્યામાં જોવામાં આવશે.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયતા, આદિ જે સમકિતના ગુણો છે. તે ઉપરથી સમ્યકત્વનું અનુમાન બાંધી શકાય, બાકી સમ્યકત્વ એ અરૂપી વસ્તુ છે.

પેલો ચંદ છેને ? ક્યાં ગયો ?

[ અમાત્યની આંખો આંસુથી ભીની બને છે ]

જંબૂ: નિશ્ચિંત રહો મહારાજ. ચંદ તો આપણા પહેરા તળે છે. આપે શાંતિ ધરવી જોઇએ, ને ગુસ્સાને હમણાં દબાવી દેવો જોઇએ. નહિતર ઘા ફરીથી ભરાઇ જશે.

વન: ( ઉગ્ર બની ) અશક્ય ! રાષ્ટ્રની એક માત્ર આઝાદી વિના નિશ્ચિંત કેમ રહી શકાય ? જો, પંચાસરની ધરા પર નિબિડ અંધકાર ઝઝુમી રહ્યો છે, એની ગુલામગીરી મારા હૃદયને દર્દ ઉત્પન્ન કરે છે. મ્હારી તલવાર ક્યાં છે ?

[ વનરાજ શય્યામાંથી ઉઠી, બેઠો થઇ જાય છે, ' હાં હાં મહારાજ ' કરતા જંબૂ અને અણહીલ તેને પકડી રાખે છે. ક્રોધથી એનો ચહેરો લાલઘૂમ બની જાય છે. એનાં નયનોમાંથી અગ્નિ ઝરતો દેખી શકાય છે. એની નજર કોઇને શોધી રહી હોય તેમ સર્વતઃ ફરતી જણાય છે. ]

( વૈદ્ય ઔષધ તૈયાર કરી, અર્જુનના હાથમાં મુકે છે. )

અર્જુનઃ ( ઔષધ આપતાં ) મહારાજ, ઔષધ પી લો તો !

વન: ( ઔષધ લઇ ) અર્જુન ! પેલી મીનલ આવી હતી ના ? જતી રહી શું ?

( ઔષધ પી જાય છે. )

અર્જુનઃ ( હાથ જોડી ) અહીં તો કોઇ જ આવ્યું નથી, દેવ !

વન: ( સ્હેજ હસી ) ત્યારે મને ભ્રમણા થઇ આવી ? અર્જુન ! આખી રાત જાણે લોહી તરસ્યા વરૂઓની જેમ શત્રુઓનાં ઉદ્ધત ધાડાં ઉભરાઈ રહ્યાં છે. વઢિયારની મનોમુગ્ધ પુણ્ય ધબકતી ધરા રક્ત ગંગા સમા રૂધિરથી છવાઈ ગઇ છે. પત્થરને વીંધી નાંખતા મૃત્યુના પ્રતિધ્વનિ–ચિત્કાર, આક્રંદ અને પ્રલય કલ્પાંતથી રણાંગણ ધબકી રહ્યું છે. પેલી મીનલ—

જંબૂ: ( વચ્ચે ) મહારાજ, મીનલ તો પંચાસરના રાજમહેલમાં છુપાઈ બેઠી છે, છતાં એના પતંગીયા જેવા સૈનિકો યુદ્ધનો વ્યુહ રચતા સંભળાય છે. વળી કલ્યાણીથી નવી કુમક આવી મળવાનો સંભવ હોવાથી આપણુને તેમનાય સત્કાર સમાદરનો સુંદર લ્હાવ પ્રાપ્ત થશે.

વન: (ઉત્સાહથી) જંબૂ ! હું યુદ્ધમાં આવી શકું ? સાહસ ભર્યા કર્તવ્યથી મારી તૃષાર્તતા વધી રહી છે. પંચાસરની પૂણ્યભૂમિ ને એનાં પ્રિય ભાંડુઓનાં દર્શનની મારી ઇચ્છા બળવત્તર બની છે.

જંબૂ: મહારાજ, આપની તબિયત અસ્વસ્થ હોઇ, આપથી યુદ્ધનો શ્રમ વેઠી શકાશે નહિ. આપે અણહીલ અને અર્જુન સાથે અહીંજ રહેવું !

વન: ( રૂંધાએલા અવાજે ) તબિયત સ્હેજ નરમ એમાં શું છે ? તું કહેશે તો ઝાઝો શ્રમ નહિ વેઠું.

જંબૂ: ના મહારાજ !

અણહીલઃ ( આજીજી સાથે ) મ્હને તો આપની સાથે લેવા કૃપા કરો, મંત્રીજી !

જંબૂ: ( સમજાવી ) અણહીલ ! ભાઈ ! હાલના સંજોગોમાં ત્હારે મહારાજની સાથમાં એમની સેવા–સુશ્રૂષા કરવાની છે. અને અર્જુન ! ત્હારે અહીંથી ગુર્જર સેપાહોની ભરતી ચાલુ રાખવાની છે. એ રીતે જ આપણી મુક્તિ કૂચમાં તમારા બંનેની જરૂર છે, ભાઈ !

અર્જુનઃ ( શિર નમાવી ) જેવી મંત્રીશ્વરની આજ્ઞા !

પ્રતિહારીઃ ( હાથ જોડી ) દેવ, કોઇ દૂત આવ્યો છે, મહારાજને મલવા માંગે છે.

જંબૂ: ( કળી જઈ ) ક્યાંથી પંચાસરથી

આવે છે?

પ્રતિ: જી, હા.

જંબૂ: આવવા દે.

[ દૂત પ્રવેશ કરે છે. ]

દૂત: ( જરા નમી ) ક્ષમા, આપે અમારા પ્રદેશની આસપાસ કેવી બળજોરી ચલાવી મૂકી છે? રાજસૂતા મીનલદેવીના સેપાહો પર હુમલો કરી એનો કિંમતી ખજાનો ને કુલ અસ્કયામત લુંટી લીધી છે. આપના બળવાખોર અને દુર્વિનીત કૃત્યોથી અમારા સ્વામીએ ઉશ્કેરાઈ આપની પાસેથી જવાબ માગ્યો છે.

વન: ( મુઠ્ઠીવાળી ) એનો જવાબ તો યુદ્ધ મયદાનમાં મળી જશે. એ મંગળ-મીલનની પળ નજદીક આવે એની અમે આતુરતાથી રાહ જોઇએ છીએ.

દૂત: ( વિસ્મય પામી ) આટલી બધી મગરૂરી? પોતાના શ્રેય માટે એવી અનુચિત પ્રવૃત્તિથી દૂર રહેવું જોઇએ સરદાર!

વન: અલબત્ત, એ પણ બની શકે.

દૂત: ( આશ્ચર્યથી ) કે,

વન: સિંહને જોઇ શિકાર ભાગે તેમ ત્હારી મીનલ ગુર્જરધરા ત્યજી ભાગી છુટે, અથવા તો:—

જંબૂ: ( વચમાં ) કે સૂર્યની જેવા પ્રભાવાળા અમારા મહારાજને શરણે આવે. કે એમના ચરણની રજ બની સેવા ઉઠાવે!

દૂત: ( ધુંઆં પુંઆ થઈ ) શા માટે અમારી સાથે નાહક વૈર બાંધો છો? સમુદ્રની છોળો જેવી કલ્યાણીની યુદ્ધ ધુરંધર સેના તમને રણસંગ્રામમાં પરાભૂત કરશે, અથવા તો એના જયશીલ અને નિશ્ચલ સામંતો ત્હમને જીતી લેશે. ત્યારે વાદળાંના રંગ જેવા તમારા વ્યર્થ મનોરથો સુંદર સ્વપ્નોની જેમ ભાંગી ભ્રષ્ટ થશે, આઝાદીના તમારા મોહક ખ્યાલો છેદાએલા વૃક્ષની જેમ કડડભૂસ કરીને તુટી પડશે. હજુએ એ સમય છે, ક્ષમા માંગો સરદાર!

જંબૂ: ( જુસ્સા ભર્યા સાદે ) ભાન ભુલેલા જુવાન! વ્યર્થ ચિંતા કર મા, ઝાકળના બિંદુ સદૃશ કલ્યાણીની જુઠ્ઠીકીર્તિની તો રણક્ષેત્રમાં ખબર પડશે. ને ત્યાં જ ત્હારાં મુડદા જેવા સૈનિકોનો અહંભાવ અને સંધ્યાના પ્રકાશ જેવી ફોગટ શેખી જણાઇ આવશે. રણક્ષેત્રમાં ઉત્કંઠિત એવા આનર્તના દુર્નિવાર સુભટોને તો હજુ ત્હેં પ્રીછયા નથી. કે જેનાં હૃદય શૌર્ય અને શક્તિઓના સંભારથી અંકિત રહ્યાં છે.

દૂ:ત ( ધીમો પડી ) મંત્રીશ્વર!

જંબૂ: કહો?

દૂત: આપ ચાહે તો ધન, ધાન્ય—

જંબૂ: ત્હેં હવે વાતો ફેરવવા માંડી.

દૂત: ચાહો તો મહારાજના આશ્રય નિચે ગુર્જરરાષ્ટ્રની સુબાગીરી—

વન: છટ્, છટ્, મામાને પણ એવી જ મીઠી જાળમાં ફસાવી ચલિત કરવા ધાર્યું હતું.

જંબૂ: ભાઇ, અમે તો ચાહીએ છીએ ગુર્જરરાષ્ટ્રની નિર્ભેળ આઝાદી, મંગળ સિદ્ધિ ને દેશની પૂજા માટે સર્વસ્વ ધરી દેવાની અભિલાષા. ત્હારી દુર્ભાગી રાજકુમારીને કહી દેજે કે, ઝટ કલ્યાણી ચાલી જાય, અથવા તો પછી રણક્ષેત્રમાં અમારી સ્હામે કોઈ મર્દને મોકલી ક્ષત્રિયોચિત્ત ફરજ બજાવે.

દૂત: ( વિષાદપૂર્વક ) માફ કરજો, આપે સદ્‌બુદ્ધિનો છેક ત્યાગ કર્યો છે, મ્હને તો ખાત્રી હતી કે, આપની તેજસ્વી બુદ્ધિ, શાંતિ અને અહિંસાની પુણ્ય પદ્ધતિ પસંદ કરશે, પરન્તુ આપે તો સુલેહના ધોરી માર્ગની અવગણના કરી લોહીના ધરા ભરી દેવાની નિષિદ્ધ પાપ-વાસના પસંદ કરી છે. આપની અનાત્મજ્ઞ

બુદ્ધિ યુદ્ધસર્જક બની, મળતી સિદ્ધિને ખોઇ રહી છે.

જંબૂ: ત્હારી ભ્રામક વાતો હવે રહેવા દે!

દૂતઃ પણ શ્રાવક થઇને હિંસા—

અર્જુનઃ ( વચ્ચે ) એનામાં ક્ષત્રિયનો આત્મા છે, એની સુસંહત દેહ યષ્ટિ શત્રુને વેદના ઉત્પન્ન કરી રહી છે.

દૂતઃ ( વિલક્ષ બની ) આપ સમજોતો—

જંબૂ: સમજવા જેવું શું બાકી રહ્યું છે? મિથ્યા વિવાદ અને વિકલ્પો તજી દે. હવે તો ભલું પંચાસરનું યુદ્ધ-મેદાન !

દૂતઃ ( ધીમી ધ્રુજારીથી ) ત્યારે આપ હવે યુદ્ધ જ ચાહો છો ?

જંબૂ: ( ટટાર થઈ ) યુદ્ધ અમને એ પસંદ નથી. પરન્તુ તમે વૈરની જે અગન-જ્વાલા સળગાવી છે એ રાતાં સિંદૂર જેવાં રૂધિર-સિંચન વિના બુઝાવવાની નથી. અને એથી તો અમારા આનર્તના સિપાઇઓ યુદ્ધ માટે અધીરા બની રહ્યા છે.

દૂતઃ ( ખિન્ન બની ) હું જાઉં છું ત્યારે !

જંબૂ: હા, અને ત્હારા સ્વામીને કહેજે; ઝટ તૈયાર થઈ રહે !

[ દૂત વ્યથિત બની ચાલ્યો જાય છે. ]

એ પછી મહા અમાત્ય જંબૂ પોતાના વીર સુભટો સાથે પંચાસરને ઘેરી વળે છે, ને દૂર્ગભેદી અંદર પ્રવેશ કરે છે. ઘોર યુદ્ધ જામે છે. પરસ્પર સેંકડો સુભટો રણતીર્થમાં ખપી જાય છે, પરન્તુ દેશભક્ત ગુર્જર સેપાહોના અતૂલ પરાક્રમથી દૂશ્મનો આમતેમ પાછા હઠી જાય છે. મહા પરાક્રમી જંબૂ પણ એના યમદંડ જેવાં ધનુષથી કેઇ શત્રુનો ઉચ્છેદ કરી નાંખે છે. એના અતૂલ શૌર્ય, પરાક્રમ, રણ કૌશલ્ય અને તેજસ્વી બુદ્ધિમત્તાથી દૂશ્મન નાસીપાસ બની ભાગી છુટે છે. ગુજરાતના વીર સેપાહો બાકી રહેલા વૈરની વસુલાત માટે ઝનુનથી પીછો લે છે. ને એમને રાષ્ટ્રના સીમાડા બહાર હાંકી, એમની સત્તાનો નાશ કરે છે.

ત્યાર પછી મહાભુજ વનરાજ ગુર્જરરાષ્ટ્રના સુવર્ણ-સિંહાસન પર વિરાજે છે. એના વિજયથી દેવી ગુર્જરી હર્ષાયમાન થાય છે, અને લોકો આનંદ પામે છે. રાષ્ટ્રના નુતન ભાગ્ય વિધાન અને પુત્રના રાજ્યાભિષેકથી જયશિખરીનો આત્મા પણ સ્વર્ગમાં પુલકિત બને છે.

---

# નવી વ્યાખ્યાઓ:

**જુનવાણી લગ્ન :** જીવનની આપ-લેઃ વફાદારીપૂર્વક જીવનમાં જોડાવવું.

**પ્રેમ લગ્ન :** સુધરેલો શ્વાન પ્રયોગઃ નવા જમાનાનું નાટકીય જીવન.

**કોલેજ :** પ્રણય મંદિરઃ જુવાન છોકરાઓનું સુધરેલું વિલાસગૃહ.

**ઘર જમાઇ :** શ્રીમંત કન્યા માટેનો હાથ રૂમાલ.

**સામ્યવાદ :** જ્યાં ત્યાં આગ લગાવી બંબાવાળાને બૂમો પાડવી.

**રાષ્ટ્રવાદ :** નેતા બનીને નફો મેળવવાનો નવો વ્યાપારી બજાર.

**પત્રકારિત્વ :** જીસકે તડમે લડ્ડુ, ઉસકે તડમે હમ.

**પ્રજાવાદ :** નાગાઓને આગળ આવવાનું અમોઘ શસ્ત્ર.

**વાણી સ્વાતંત્ર્ય :** જેને તેને ગાળો દેવાનો કીમીયો.

**વ્યક્તિ સ્વાતંત્ર્ય :** સ્વચ્છંદાચારને ઉત્તેજવાની સોનેરી તક.

# કેટલુંક જાણવા જોગું :

—શ્રી પ્રશાંત

**૧—દુર્લભ સાત પુરૂષો:**

(૧) દરિદ્ર હોવા છતાં જે પરદ્રવ્યને ગ્રહણ કરે નહિ. (૨) યૌવનવય છતાં ઈન્દ્રિયોને જીતનાર. (૩) કારણ પડયે છતાં જૂઠું નહિ બોલનાર. (૪) ધન હોવા છતાં અભિમાન વિનાના (૫) દાન દેવા છતાં કીર્તિને નહિ ઇચ્છનાર. (૬) શકિત–સામર્થ્ય હોવા છતાં અપકારી પર પણ કોપ નહિ કરનાર. (૭) પારકી ગુહ્ય વાતોને જાણવા છતાં તેને પેટમાં રાખનાર. આ સાત પુરૂષો જગતમાં દુર્લભ ગણાય છે. લાખોમાં શોધ્યા જડે છે.

**૨—જેવાને યોગે તેવી થતી ૭ વસ્તુઓ:**

(૧) શાસ્ત્ર. (૨) શસ્ત્ર. (૩) ઉપાનહ. (૪) અશ્વ. (૫) નર. (૬) નારી ને (૭) વીણા. આ સાત જેવા પુરૂષના હાથમાં આવે છે, તેવાં થાય છે.

**૩—કરેલા ગુણને નહિ જાણનારા સાત:**

(૧) જમાઇ. (૨) વીંછી. (૩) વાઘ. (૪) મદ્યપાન કરનારા. (૫) દુર્ભાગી એવો મૂર્ખ. (૬) ભાણેજ. તથા (૭) રાજા. આ સાત પ્રાયઃ કરેલા ગુણને ભૂલી જનારા હોય છે, કરેલા ગુણને જાણતા નથી.

**૪—ન છેડવા યોગ્ય સાત:**

(૧) રાજા. (૨) ચોર. (૩) સિંહ. (૪) સાપ. (૫) શસ્ત્રધારી. (૬) કવિ. અને (૭) બાળક. આ સાતને સાચવીને કામ લેવું, પણ તેઓને સંતાપવા નહિ.

**૫—વિરલ ગણાતા સાત:**

(૧) દાતાર. (૨) શૂરવીર. (૩) સત્યભાષી. (૪) પંડિત. (૫) સદાચારી. (૬) નિર્લોભી. અને (૭) સત્યવૃત. આ સાત સંસારમાં વિરલા ગણાય છે.

**૬—ઠામેઠામ મળતા સાત:**

(૧) નિર્ધન. (૨) મૂર્ખ. (૩) ધૂળ. (૪) ખાટાં, ને (૫) ખારા મનુષ્ય. (૬) કુભોજન તેમજ (૭) કૃપણ. આ સાત ઠામેઠામ મળી શકે તેવા છે.

**૭–વાણી બોલવામાં સાત વાત સાચવવી:**

(૧) મધુર બોલવું કે સાંભળનારને મીઠું લાગે. (૨) ડહાપણપૂર્વક બોલવું. (૩) થોડું બોલવું. (૪) ખપ પુરતું બોલવું. (૫) અભિમાન વિના–લઘુતાથી બોલવું. (૬) તુચ્છ વચન ન બોલવાં. (૭) અસત્ય–અનર્થકારી ન બોલવું. આ સાત વાત, વાણી બોલતાં ધ્યાનમાં રાખીને બોલવું.

**૮—ધર્મહીન સાત મનુષ્યો:**

(૧) સંયમ ત્યજીને ઘેર આવેલા. (૨) ધર્મસ્થાનમાં સંસારની લાલસા રાખીને આવનાર. (૩) દેવ-દ્રવ્ય અને તેનું નૈવેદ્ય પોતાના ઉપયોગ માટે લેનાર. (૪) પોતાના ઉપકારી ગુરૂની સ્હામે બોલનાર. (૫) દેવ–ગુરૂના અવર્ણવાદ બોલનાર. (૬) માતાપિતાને પ્રહાર કરનાર. (૭) ઉન્માર્ગ સેવીને આર્યા દ્વારા ઉત્પન્ન થયેલો પુત્ર. આ સાત પ્રાયઃ ધર્મહીન હોય છે અને હીનકાર્ય કરીને દુર્ગતિમાં જાય છે.

**૯—દૂર ગયા પછી જેની કિંમત થાય છે તે સાત:**

(૧) સત્પુરૂષ. (૨) સોપારી. (૩) પાન. (૪) અશ્વ. (૫) હસ્તી. (૬) જ્ઞાની. (૭) કેવડો (સુગંધી ફૂલ). ઉત્પત્તિ સ્થાનથી દૂર ગયા પછી આ સાતની ખરી કિંમત સ્હમજાય છે.

**૧૦—ત્યજવા યોગ્ય સાત બોલ:**

(૧) જ્યાં ઘણા વૈરી હોય તે સ્થાન ત્યજવું. (૨) જ્યાં પોતાના માણસો ન હોય તે સ્થાને

વાદ–વિવાદ ત્યજવો. (૩) જે મકાન જીર્ણ–જર્જરિત થયું હોય તે મકાન ત્યજવું. (૪) સ્નેહ વિનાના પુત્રને ત્યજવો. (૫) ફળથી ક્ષીણ થઇ ગયેલા વૃક્ષને ત્યજવું. (૬) દયા વિનાનો ધર્મ ત્યજવો. (૭) પરસ્ત્રીનો સમાગમ ત્યજવો. આ સાત ત્યજવાથી આત્મા પોતાનું હિત સાધી શકે છે.

**૧૧—સાત વાનાં ખટકે છેઃ**

(૧) પૂછયાનો ઉત્તર ન મળે તે. (૨) ભોજન વેળાયે ભૂખ્યા પાછા જવું પડે. (૩) વાદ વેળાયે જરૂરનું ભૂલી જવાય. (૪) વ્યાખ્યાનની સભામાં વ્યાઘાત થાય. (૫) ગાયન કરતાં ગળું અટકી જાય. (૬) શુદ્ધ અર્થને મરડવો પડે. (૭) સભામાં ટુંકારો થાય–લોકમાં આ સાત વાતો ખટકે છે.

**૧૨—સાત નહિં કહેવા યોગ્યઃ**

(૧) પોતાની સ્ત્રીની વાત કોઇને કહેવી નહિ. (૨) કોઈ ઠગી ગયું હોય તે કોઇને કહેવું નહિ (૩) કોઈની ગુહ્ય વાત કોઇને કહેવી નહિ. (૪) કોઇપણ સ્થાને માનભ્રષ્ટ થયા હોઇએ તે કોઇને કહેવું નહિ. (૫) દરિદ્રપણાની વાત જેને તેને કહેવી નહિ. (૬) જે વાત કહેવાથી કલહ થવાનો સંભવ હોય તે વાત કહેવી નહિ. (૭) ઘરની ખાનગી વાત બ્હાર કહેવી નહિ.

**૧૩—સદ્ગતિમાં જનારા સાતઃ**

(૧) અપકારી ઉપર ઉપકાર કરનાર. (૨) અન્યના હિત માટે પોતાના પ્રાણ આપનાર. (૩) અધમ જાતિમાં ઉત્પન્ન થવા છતાં અભક્ષ્ય નહિ ખાનાર. (૪) પાપી કુળમાં જન્મ્યા છતાં હિંસાને ત્યજનાર. (૫) પરસ્ત્રીની પ્રાર્થના છતાં પોતાના શીલમાં અડગ રહેનાર. (૬) નિર્ધન છતાં પારકું ભોજન ન લેનાર. તથા (૭) પોતે ભૂખ્યો રહી બીજા ભૂખ્યાને નિઃસ્વાર્થભાવે ભોજન આપનાર. આ સાત પ્રાયઃ સદ્ગતિગામી જીવો ગણાય છે.

**૧૪—સાતનો વિશ્વાસ ન કરવોઃ**

(૧) નદી. (૨) નખવાળા પ્રાણી. (૩) રાજા. (૪) સ્ત્રી. (૫) નિર્ગુણી. (૬) નિર્લજ્જ અને (૭) નીચ. આ સાતનો વિશ્વાસ કરનાર કોઈ વેળા આપત્તિમાં મૂકાઈ જાય છે.

**૧૫—સાત વસ્તુ સ્થિર રહેતી નથીઃ**

(૧) લક્ષ્મી. (૨) યૌવન. (૩) બાલ્યકાળ (૪) શરીરનું સ્વાસ્થ્ય. (૫) હાથીના કાન (૬) મન અને (૭) પ્રાણ. આ સાત વસ્તુ કોઈ પણ રીતે સ્થિર રહેતી નથી.

**૧૬ સાત મોટાં દુઃખ**

(૧) ગર્ભમાં હોય ને જેનો બાપ મરી જાય. (૨) જન્મ્યા પછી જેની માતા મરી જાય. (૩) દરિદ્ર અવસ્થામાં મ્હોટો પરિવાર (૪) પરવશપણે રહેવું (૫) નિર્ધન હોવા છતાં ઘણી ભૂખ લાગે (૬) ન્હાનો પરિવાર મૂકીને સ્ત્રી મૃત્યુ પામે (૭) વૃદ્ધાવસ્થામાં પુત્રનું મરણ, આ દુઃખો પાપોદયથી આવે છે.

**૧૭—સાત અમોઘ વચનવાળાઃ**

(૧) પ્રજાપ્રિય રાજા (૨) તપસ્વી (૩) મુનિ (૪) સતી સ્ત્રી (૫) દેવ (૬) સત્પુરૂષ (૭) બાળક આ સાતનું આકસ્મિત નીકળેલું વચન પ્રાયઃ સાચું પડે છે.

**૧૮—સાત કદિ ધરાતા નથીઃ**

(૧) સાગર (૨) બ્રાહ્મણ (૩) ડાકિણી (૪) અગ્નિ (૫) યમ (૬) રાજા (૭) જીભ–આ સાતે કદિ ધરાય નહિ. ગમે તેટલું મળે તોપણ તેઓ અધૂરાંજ રહે.

**૧૯—સાતનાં ધ્યાન મલીન હોય છેઃ**

(૧) શિકારી (૨) બિલાડો (૩) દુર્જન (૪) વૈદ્ય–ડોકટર (૫) સ્મશાનમાં રહેનાર ચંડાળ (૬) બંદીવાન (૭) અનાજનો વ્યાપારી આ

સાતનો વ્યવસાય જ એવો છે કે, એમના વ્યવસાય માટે તેમનું ધ્યાન મલીન રહ્યા કરે.

**૨૦—સાત આભડછેટો ગણાય છેઃ**

(૧) પુત્રીવિક્રય (૨) પરસ્ત્રીસંગ (૩) પાપીનો સહવાસ (૪) દેવદ્રવ્યનું ભક્ષણ (૫) જીવહિંસા કરી પેટ ભરવું (૬) પરનિંદા (૭) પારકા ભોજનમાં પણ અસંતોષ આ સાત કાર્યો આભડછેટ જેવાં છે. આને આચરનારો ગમે તેટલાં જલથી સ્નાન કરે તોપણ તે અસ્પૃશ્યજ રહે છે.

**૨૧—સાત પરસ્પરની અદેખાઇ કરનારા**

(૧) પાડો (૨) પંડિત (૩) કુતરો (૪) પાડોશી દુકાનદાર (૫) બોકડો (૬) મલ્લ અને (૭) યાચક આ સાત પરસ્પર ઈર્ષ્યાળુ હોય છે. પોતાના જાતભાઈઓનું સારૂં પ્રાયઃ સહન કરી શકતા નથી.

**૨૨—સાત પારકી પીડાને નહિ જાણનારાઃ**

(૧) રાજા (૨) બાળક (૩) બ્રાહ્મણ (૪) ચોર (૫) યમ (૬) અગ્નિ (૭) અને શિકારી આ સાત જણ કોઈ દિવસે પારકી પીડાને સ્હમજતા નથી.

**૨૩—સાત જણ સુતા સારાઃ**

(૧) વાઘ (૨) સિંહ (૩) ચિત્તો (૪) કુતરા (૫) બિલાડી (૬) પાપી મનુષ્ય અને (૭) સર્પ આ સાત સુતા રહે તો સારા કારણકે એથી આ લોકોના હાથે થતા અનેક પાપો અટકી જાય છે.

**૨૪—સાતમાં સાતનો અસંભવઃ**

(૧) જુગારીમાં સત્યવાદીપણું (૨) સર્પમાં ક્ષમા (૩) મદ્યપાનીમાં તત્ત્વનો વિચાર (૪) માંસભક્ષણ કરનારમાં દયાધર્મ (૫) નપુંસકમાં શૂરપણું (૬) સ્ત્રીમાં કામભોગની શાંતિ (૭) નિર્ધન માણસમાં વ્યવહારશુદ્ધિ આ સાતમાં ઉપરોક્ત સાત વસ્તુઓનો પ્રાયઃ સંભવ ઓછો હોય છે. કદાચ કોઈ વિરલ સ્થાને આ સંભવે તો અવશ્ય તે પ્રશંસાપાત્ર બને છે.

**૨૫—સાત દદ્દાથી પુણ્યવાન બને છેઃ**

(૧) દયા (૨) દાન (૩) દમ (૪) દોલત જાવા છતાં શોક ન કરવો. (૫) દુઃખ (બીજાનું) ભાંગવું (૬) દીનવચન ન બોલવું (૭) દુર્જનપર રોષ નહિ કરવો. આ સાત દ'વાળો આત્મા સમાધિપૂર્વક ધર્મને આરાધી શકે છે.

**૨૬—સાતને દુભવવા નહિઃ**

(૧) રાજ્યનો અધિકારી (૨) યોગી (૩) યાચક (૪) દૂર્જન (૫) સારથિ (૬) રાજાનો ખવાસ (૭) દૂત–આ સાતની સાથે સંભાળીને કામ લેવું.

---

## યુગપલટો અને ક્રાંતિની એંધાણી :

—પહેલાં લોકો દેવમંદિરમાં જતા, હવે ક્રાંતિ થઈ એટલે લોકો ચિત્રમંદિર-સીનેમાગૃહમાં જાય છે.

—પહેલાં લોકો દેવ–દેવીઓનાં નામ યાદ રાખતાં હવે લોકો યુગ પ્રલટો થતો હોવાથી નટ–નટીઓનાં નામ યાદ રાખે છે.

—પહેલાં લોકો મા–બાપને અને દેવ–ગુરૂને હાથ જોડતા, હવે લોકો સ્ત્રીને અને છોકરા–છૈયાને હાથ જોડતા થયા છે.

—પહેલાં ડાહ્યા અને પરગજુ માણસો સમાજનાયકો બનતાં, હવે ક્રાંતિ થઇ એટલે મુત્સદ્દી અને ડોળઘાલુ સ્વાર્થી માણસો નાયક બનવા લાગ્યા.

# આપણું જૈન સાહિત્ય

અંગ્રેજી અનુવાદ નોટ્સ, કોશ સાથેનાં સાત સંપાદનો નીચે પ્રમાણે ટીકા સાથે

| | |
|---|---|
| અન્તગડદસાઓ ને અણુત્તરોવવાઇયદસાઓ [ એમ. સી. મોદી એમ. એ. ] | ૩– ૦ |
| સમરાઇચ્ચકહા બે ભાગ પાકું પુંઠું ,, | ૫– ૦ |
| સમરાઇચ્ચિકહા ભવ ૬ ઠ્ઠો ,, | ૨– ૮ |
| પંચસૂત્તમ્ [ વી. એમ .શાહ એમ. એ. ] | ૧– ૪ |
| બ્રહ્મદત્તચરિયમ્ ,, | ૧– ૪ |
| નિરયાવલિયાઓ સટીક [ વી. જે. ચોકસી એમ. એ.ને ગોપાણી પી. એચ્. ડી ] પાકું પુંઠું | ૩–૧૨ |
| વિવાગસુયં સટીક (એમ. સી. મોદીને વી. જે. ચોકસી ) | ૩– ૦ |
| સિરિસિરિવાલકહા ૧–૨ (વિ.જે.ચોકસી) | ૪– ૦ |
| અનેકાર્થ સાહિત્ય–સંગ્રહ (સં. ચતુરવિજયજી) | ૨– ૦ |
| રાજપ્રશ્નીય સટીક [ દેવનાગરી ટાઇપમાં પત્રાકારે અનુવાદ સહિત ] ( સં. પં. બેચરદાસ ) | ૭– ૦ |
| પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો મુંબઇ ૧-૨-૩ | ૧– ૮ |
| આધ્યાત્મિક વિકાસક્રમ (પં. સુખલાલજી) | ૦– ૬ |
| સોળ સતી (ધીરજલાલ ધ. શાહ) | ૧– ૮ |
| સાંતુ મહેતા ૧–૨–૩,. (જૈન નવલકથા) | ૭– ૮ |
| પ્રાકૃત માર્ગોપદેશિકા | ૪– ૪ |
| ધર્મ ને ધર્મનાયક | ૦–૧૨ |
| જૈન બાળગ્રંથાવલિ પ્ર. શ્રેણી | ૩– ૦ |
| ,, ,, બી. શ્રેણી | ૩– ૦ |
| અર્હન્નીતિ [ દોશી મ. ન. ] | ૧– ૪ |

## શ્રી જયભિક્ખુ કૃત

| | |
|---|---|
| રાજા શ્રીપાલ | ૦–૮–૦ |
| મહર્ષિ મેતારજ | ૪–૪–૦ |
| કામવિજેતા સ્થુલીભદ્ર | ૪–૮–૦ |
| મગધરાજ | ૪–૮–૦ |
| ઋષભદેવ | ૪–૮–૦ |

દર્શન અને ફિલોસોફીનો મહાન

—: શાસ્ત્રીય ગ્રંથ :—

## 'આર્હત્ દર્શન–દીપિકા'

વિવેચક : પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા, M. A,

મૂળ લેખક; ન્યાયવિશારદ, ન્યાયતીર્થ ઉપા૦ શ્રી મંગળવિજયજીના સૂત્રો પર અનેક ગ્રંથો, શાસ્ત્રો અને વાર્તિકોનું દોહન કરીને સુન્દર ગુજરાતી ભાષામાં રજુ થતો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ ક્રાઉન ૮ પેજી સાઇઝ : ૧૨૫૦ પૃષ્ઠ, પાકું પુંઠું : કીંમત આઠ રૂપીયા.

## ભરતેશ્વર બાહુબલિવૃત્તિ

સુન્દર ભાષાંતર ભાગ ૧–૨
સુબોધ ધર્મપ્રાણ પુરૂષોનાં
જીવનો, કીંમત : રૂ૦ પાંચ

## સાન્તુ મહેતા

ભાગ ૧–૨–૩

ગુર્જરેશ્વર જયસિંહદેવની પ્રાણવાન નવલકથા

કિંમત : સાડાસાત રૂા.

## ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય.

ગાંધી રોડ; અમદાવાદ.

## ઇતિહાસના ચોપડે જેઓનાં નામ કદિ લખાતાં નથી—

# તે શેઠ શ્રીમાન્ લોભીદાસને ખુલ્લો પત્ર:

—શ્રી પ્રશાંત.

શેઠજી! ગઈ કાલે હું તમારે ત્યાં અમારા ગામની પાઠશાળા માટે ટીપ કરવા આવ્યો હતો, ત્યારે આપના શ્રીમુખેથી જે સરસ્વતી સાંભળવા મળી તેથી મને બીજાની જેમ આશ્ચર્ય ન થયું. કારણ, મારા મનમાં સ્હેજે આપની પ્રકૃતિને અંગે થોડો ઘણો દબ–દબો હતો. ને આખરે મેં ધાર્યું હતું એવું જ નીકળ્યું. લોકો તમારાં બહુ વખાણ કરતા હતા, પણ આ તો 'વખાણી ખીચડી દાંતે વળગી'. તમે કરોડપતિ ગણાઓ છે., પણ તમારી સાથેના થોડા જ પરિચયથી મને લાગ્યું કે, તમારા ક્રોડો રૂપીઆ ધૂળ જેવા છે. દૌલત ભેગી કરી છે, પણ એમાંથી એક પાઈ પણ તમને વાપરતાં આવડતી નથી.

હું તો તમારી પાસે અમારા ગામની પાઠશાળા માટે ફક્ત હજારેક રૂપીયા લેવા આવ્યો હતો. જે તમારા એક કલાકના વ્યાપારનો ન્હાનકડો નફો ગણાય, છતાં પણ હજારનું નામ સાંભળીને તમારૂં હૃદય ફડફડી ઉઠયું. એથી મને તો તમારા ઉપર દયા આવી. તમે મને તે વેળા કહ્યું; 'હમણાં તો વેપાર બરાબર ચાલતા નથી. શેરબજારમાં મેં મંદી ધારી હતી ને તેજી આવી ગઈ. રૂ અને એરંડામાં મને નુકશાની આવી ગઇ છે. હમણાં મારાથી એક પાઈ પણ ખરચાય તેમ નથી.'

શેઠ સાહેબ! તે વેળા તમે આવું તો કાંઇ પણ બોલ્યા ના હતા. પણ તમને એ યાદ છે કે, તમે અમારા ગામમાં–તમારા મોશાળમાં હતા, ત્યારે ખાવાને અનાજ પણ તમારી પાસે ન હતું. તે વેળા વગર ટીકીટે મુંબઈ આવી ચડયા, ને મુંબઈમાં તમે ફાવ્યા. અમે આવું નહોતું ધાર્યું કે, તમે આમ છેલ્લે પાટલે બેસી જશો. દેશમાં તમારી વાહ-વાહ બોલાતી સાંભળી, હરખભેર અમે અહિં આવ્યા. પણ અહિંની તમારી કારકીર્દી સાંભળી અમારી આશા પર પાણી ફરી વળ્યું. છતાં થોડી ઘણી હિમ્મત એકઠી કરી, તમારાં દર્શને આવ્યા. તેમાં અમે તદ્દન નિષ્ફળ નીવડયા. તે વેળા મને મનમાં થઈ આવ્યું; 'કરોડોની દૌલત ધરાવતો આ માનવી ખરેખર ભિખારી જેવો છે,' ને વાત પણ સાચી છે. કે, 'જે માણસ ધનિક હોવા છતાં પણ જ્યારે કાંઇ કોઇને આપવાનું આવે ત્યારે રોદણા રડવા બેસે તો એ ભીખારી નહિ તો બીજું શું? શેઠજી! એ યાદ રાખજો કે, 'આ દુનિયામાં જે આપી શકે એ જ ખરો શેઠ છે. જગતમાં પોતાની લક્ષ્મીદ્વારા પરોપકાર કરી જનારાઓ જ અમર રહ્યા છે. ઇતિહાસના ચોપડે કદિ લોભી પુરૂષોનાં નામ લખાયાં નથી.' એ ભૂલી જતા નહિ.

બેન્કોમાં જમે થયેલી લક્ષ્મી તમે ચાલી જશો એટલે એ તમારી પાસેથી ચાલી જશે. પણ પરહિત કાજે વપરાયેલું નાણું તમને મૃત્યુ બાદ પણ શેઠ તરીકે ઓળખાવશે. સંઘરી રાખેલી વસ્તુ નાશ પામે છે, પણ પરમાર્થ માટે વાપરેલી ચીજ સદા અમર રહે છે. લક્ષ્મીને તમે બાંધી બેઠા છો, કોઇને કાંઈ આપવું નથી અને સમાજમાં નામ મેળવવું છે, શેઠ કહેવરાવવું છે. પણ જો પૈસાના જોરે જ કોઇને એક પણ પાઈની મદદ કર્યા વિના તમારે ઉચ્ચ ગણાવું હોય તો ભૂલી જજો, એવા પૈસા તો આજકાલ ઢેઢ–ભંગી અને ખાટકીને ત્યાં પણ છે.

શેઠ શ્રીમાન! થોડું લખ્યું ઝાઝું માનજો, કહેવાનું એટલું કે, જો તમારે ખરેખરા શેઠ

# વર્ષની વિદાય વેળાયે અમારૂં નિવેદન:

કલ્યાણ માસિક આજે ચાર વર્ષ પૂરાં કરે છે. વીતેલાં આ ચાર વર્ષે, અમને ચાર–ચાર યુગનાં દર્શન કરાવ્યાં છે. વિશ્વ યુદ્ધના દિવસોમાં અમે પત્રકારત્ત્વની દુનિયામાં પગલાં પાડયાં, ૪૫ માં વિશ્વ યુદ્ધ પૂર્ણ થયું. ત્યારબાદ અંધાધુંધીમાં બે વર્ષ વીત્યાં, ને ૪૭ ની ઓગષ્ટમાં હિંદે આઝાદીની ઉષાના દર્શન કર્યાં. પણ એ આઝાદી આવી ખરી, છતાં તેની પાછળ આબાદી ન જ આવી. દિન પરદિન અશાંતિ ભડકે બળવા લાગી. ચોમેર તોફાનોની ગાજવીજ શરૂ થઇ. લાખ્ખો લોકો નિરાધાર બન્યા, લાખ્ખો પોતાના વ્હાલા એવા વતનને ત્યજી, પહેરે કપડે નીકળી ચૂકયા. લાખ્ખો મૃત્યુના મ્હોંમાં જઈ પડ્યા, આ બધું જ્યારે સાંભળીયે છીએ, ત્યારે હૃદય રડી ઉઠે છે.

છેલ્લે આ વિનાશનાં તોફાનોની આંધીએ પોષ વદિ ૫ શુક્રવાર તા. ૩૦–૧–૪૮ ની સાંજના પાંચના ટકોરે હિંદના રાષ્ટ્રપિતા શ્રી ગાંધીજીનો ભોગ લીધો. અસંતુષ્ટ હૃદયોએ રાષ્ટ્રના રાજકારણીય સૂત્રધાર શ્રી ગાંધીજીની હત્યા કરી આ આમ ન બનવાનું ને ન કલ્પેલું બની ગયું. સમગ્ર ભારત વર્ષે શોક અનુભવ્યો. તોફાનોનાં છમકલાઓ થયાં.

જૈનસમાજમાં પણ અશાંતિનો અગ્નિ ધુંધવાતો રહ્યો છે. શાંતિ ઐક્ય કે સંગઠ્ઠનના પ્રયાસો શુભનિષ્ઠાથી થવા છતાં આજે રૂંધાતા જાય છે. અનેક મતભેદોમાં વ્હેંચાયેલો આપણો સમાજ મનોભેદોની ભૂલ–ભૂલામણીમાં અટવાઇ, પોતાના કર્તવ્ય ધર્મને આજના વિષમ કાલે ચૂકી જાય છે. પરિણામે દુનિયામાં ડાહ્યા ગણાતા વણિકોની બુદ્ધિમત્તાને બ્હારનું જગત હસી રહ્યું છે.

આ કલુષિત વાતાવરણમાં **કલ્યાણ** માસિક દ્વારા અમે અમારા પ્રિય વાચકોને યોગ્ય માર્ગદર્શન આપી, અમે અમારી શક્તિ સામગ્રીઓનો સદુપયોગ કર્યો છે. આ પ્રસંગે અમારે કહેવું જોઇએ કે, ચાર વર્ષમાં કલ્યાણ માસિકે ઠીક–ઠીક પ્રગતિ સાધી છે. એ અમારે મન ગૌરવનો વિષય છે. આથી કલ્યાણના શુભેચ્છકો અને વાચકોનો અમે આભાર માનીયે છીએ.

અમે સહમજીએ છીએ કે, અમારી કૂચ ઘણી જ મંદ છે. અમારામાં ત્રુટીઓ બહુ છે, છતાં ધીરે ધીરે અમે અમારા માર્ગે ઝડપી ગતિ કરીશું. તેને અંગે અમારી ક્ષતિઓનું અમને ભાન કરાવનાર સહુના અમે ઋણી છીએ. અમને માર્ગદર્શન આપનારને અમે નહિ ભૂલી શકીયે.

કલ્યાણના માર્ગે શાસનદેવ સહુને દોરો ! એજ અભિલાષા.

---

થવું હોય તો આપતાં શીખો ! પુણ્યાનુબંધી–પુણ્યની એ જ સાચી પરીક્ષા છે. આપનારનો ભંડાર કદિ પણ ખૂટતો નથી. જે શુદ્ધ ભાવે કોઇપણ પ્રકારના બદલા વિના આપે છે, એનું પુણ્ય ભવાંતરમાં કંઇ ગુણું ફળે છે. ભૂમિમાં એક દાણો વાવશો તો ભાગ્ય તમને હજાર ગણું આપશે. પણ મેળવવાની ઇચ્છા નહિ રાખતા.

શેઠ સાહેબ ! એટલું ધ્યાનમાં રાખજો કે, 'પરમાર્થ અને પરહિતને કાજે ખરચેલી એક પાઈની કિંમત; અંગત સ્વાર્થ અને વિલાસ માટે ખરચેલા લાખ્ખો રૂપીયા કરતાં પણ વધુ છે. લાખ્ખો રૂપીયાના વ્યાજ કરતાં આવી રીતે ખરચેલી પાઈનું વ્યાજ વધુ છે. એજ: ફરી કોઈ વખતે રૂબરૂ મળીશું ત્યારે વિશેષ:

ગુન્હેગારને શિક્ષા કરનારાઓએ ન્યાયને મોંઘો કરી નાંખ્યો છે.

# મોંઘો ન્યાય:

શ્રી રવિશંકર મ. મહેતા.

બિકાનેર–જોધપુર–જયપુરની હદને ત્રિભેટે કાળના સર્વભક્ષી ઝપાટામાંથી બચી ગએલ એક નાનકડી ઠકરાત અસલી જમાનાની પ્રથાઓ સુરક્ષિત સાચવી રહેલી લપાઈ બેઠી છે. તેનું નામ સાવનગઢ. એ રાજ્ય આમ તો છે ખોબા જેવડું; વસ્તી આશરે ચારેક હજારની. પણ હિંદના નાનામાં નાના પણ સાર્વભૌમ ધણીને ત્યાં હૈદ્રાબાદ–મ્હૈસૂરના જેવો રજવાડી સરંજામ હોય છે. એટલે આ રાજ્યમાં પણ રાજમહેલ, રણવાસ, ન્યાયમંદિર, મંત્રીમંડળ, લશ્કર, પાઠશાળા, કર જકાત, કાયદા, સજા–શકય એટલું બધું જ હતું એ જણાવવાની જરૂર નથી.

લશ્કરમાં પચાસેક સૈનિકો હતા; શાળામાં પચીસેક વિદ્યાર્થીઓ ઈનામના મેળાવડા પ્રસંગે હાજર રહેતા; તબેલાના કામમાંથી નવરાશ મળે ત્યારે ન્યાયાધીશ કચેરીમાં ન્યાય ચૂકવવા જતા; વસ્તી પર કરવેરા અલબત્ત લેવાતા અને પૂંછવેરાથી માંડી તંબાકુ, કેફી પીણાં,....અને છેવટે મૂછવેરા સુધીના જેમને જે પોસાતા તે કરો પ્રજાજનો ખુશીથી ભરતા. છતાં આ રાજવીનો હાથ નિત્ય જરા સંકોચમાં રહેતો. મંત્રીઓ, સેનાપતિ, વિદ્યાધિકારી વગેરેના મોભાદાર પગારો, રણવાસનો ખર્ચ તથા રાજમહેલનો ખર્ચ કાઢવાની તેમને નિત્ય આપદા રહેતી.

રાજ્યના આવા ગંજાવર ખર્ચને પહોંચી વળવા તેમના ચકોર બુદ્ધિપ્રભાવે એક નુસખો શોધી કાઢયો, તેમણે રાજ્યાશ્રયથી ચાલતું એક જુગારખાનું ખોલ્યું. રમનારા જુગારીઓમાંથી હારનાર કે જીતનાર દરેકને પ્રત્યેક દાવ દીઠ ઠરાવેલ ફી ભરવી પડતી; અને આવી આવક લગભગ પચીસ હજાર કોરી જેટલી થતી; કારણ કે આસપાસનાં મોટાં રાજ્યોમાં એ સમયે સદ્‌ભાગ્યે જુગાર જેવા નિર્દોષ વ્યવહારની સખ્ત બંધી હતી; એટલે ધૂર્તશ્રેષ્ઠ, કપટકુશળ જુગારીઓનો સુંદર અખાડો અહીં જામી રહેતો અને રાજવી એમના મિલાપથી બેવડા પ્રસન્ન રહેતા.

આમ સંપૂર્ણ સરળતાપૂર્વક ચાલ્યે જતા આ નાનકડા રાજ્યમાં એક અભૂતપૂર્વ ગમખ્વાર બનાવ બની ગયો. એક જુગારીએ બીજાનું ખુન કર્યું. એને ન્યાયાસન સમક્ષ ખડો કરી કાયદેસર કામ ચલાવવામાં આવ્યું. આ અપૂર્વ તક ઝડપીને વકીલોએ વાક્‌કૌશલનું પ્રદર્શન કરવામાં સત્ય તથા શ્રમને નેવે મૂકયાં; પરિણામે ચુકાદો તો જે આવવાનો હતો તે જ આવ્યો. તહોમતદારને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી તથા ચુકાદો હજૂરશ્રીની નેકનિગાહ ફરમાન તથા સહી માટે રજુ થયો; સંમત થતા રાજવી ઉચ્ચર્યાઃ 'જરૂર, જો ખૂનીનો શિરચ્છેદ કરવો જ પડે તો કરવો.'

પણ કાયદા મુજબ આ સજાના અમલમાં એક જ વિઘ્ન હતું. રાજ્યમાં દેહાંતદંડ માટે શૂળી, ફાંસીમાંચડા જેવાં ચાલુ સાધનની કશી જ વ્યવસ્થા ન હતી. તેની ઉપયુક્તતા કદી ય જણાઇ ન હોવાથી રાજ્યનિયુક્ત કોઈ ફાંસીગર પણ હતો નહીં.

મંત્રીમંડળે આ વ્યાવહારિક મુશ્કેલી વિચારી રાજવીની નેક સલાહથી જયપુર રાજ્યને તુમાર કરી પૂછાવ્યું કે, 'આ પ્રસંગને માટે જયપુર રાજ્ય સાવનગઢ રાજ્યને ખર્ચે ને જોખમે એક અણીદાર શૂળી તથા કુશળ શૂળીગર મોકલશે ? અત્રે શૂળી પહોંચતી કરી પરત કરવાનો અંદાજ અગાઉથી મોકલવાનું લક્ષમાં લેશો.' પંદર દિવસમાં જયપુરથી શૂળીનું અંદાજ આવ્યું;

તેમાં શૂળીસજામણી શૂળીઉખડામણ વિ. થી માંડી પાંચ રક્ષકો સાથે શૂળી તથા શૂળીગર મોકલવાનો વાહન, વાટખર્ચી તથા ભાડાભથ્થા જાતવળતનો ૧૫૦૦) કોરી ખર્ચ અંદાજવામાં આવ્યો હતો.

હજુરશ્રી, એ અંદાજ જોઈને ચોંકયા. '૧૫૦૦ કોરી ! એ-કમબખ્ત કેદીની એટલી દમડી ય કિંમત નથી ! ના એ ખર્ચ કદી ન થઈ શકે. પ્રત્યેક પ્રજાજન પર અડધી કોરીનો શૂળી-વેરો નાખી આ ખર્ચ કાઢવો પરવડે તેમ નથી. કારણ કે નવા કરથી પ્રજા ત્રાસી જશે. ' પ્રધાનજી ! કાંઇ મારગ કાઢો. '

ફરી મંત્રીમંડળ મળ્યું તથા ઓછા ખર્ચે આ પ્રસંગ ઉકેલવાનો પ્રશ્ન હાથ ધર્યો. ન્યાયમંત્રીએ સૂચવ્યું: ' આપણા લશ્કરમાંથી કોઈ હિંમતવાન સૈનિક આનો શિરચ્છેદ ન કરી શકે ? '

પ્રધાનજી સસ્મિત બોલ્યા: ' ધન્યવાદ ! સરસેનાપતિને હાજર કરો. '

સેનાપતિ હાજર થયે મંત્રીજીએ તેમને સીધો જ પ્રશ્ન કર્યો: ' આ ખૂનીને દેહાંતદંડ કરવા શક્તિમાન એવો કોઇ સશસ્ત્ર સિપાઇ તમારા લશ્કરમાં નથી શું ? યુદ્ધમાં તો તમે સૈનિકો એક-બીજાનાં ગળાં કાપતાં અચકાતા નથી ! એ જ તમારો ધર્મ છે, અલબત્ત. તો આ કાર્ય તો પ્રમાણમાં તદ્દન સહેલું છે. '

સેનાપતિએ લશ્કરમાં આ વાત કરી, મંત્રીજીને જાહેર કર્યું. ' કોઇ સૈનિક આ કામ કરવાને ખુશી નથી કારણ કે ઠંડે કલેજે ગળું કાપવાનો એમને મહાવરો છે નહિ. વળી મારી યાદદાસ્ત મુજબ તાજેતરમાં કોઇ યુદ્ધ થયું નહિ હોવાને કારણે એમની આ દિશામાં તાલીમ પણ નહિવત્ ગણાય, સાહેબ ! '

હવે કરવું શું ? આ જટિલ પ્રશ્નનો ઉકેલ આણવા મંત્રીમંડળે બે ટંટાખોર સભ્યોની એક પેટાસમિતિ નીમી. પખવાડિયા પછી સમિતિમાંથી બહુમતીની એવી ભલામણ થઈ આવી કે, તહોમતદારની દેહાંતદંડની સજા ઘટાડી આજીવન સખ્ત કેદની સજા મંજુર કરાવવી. આથી એક કાંકરે બે પંખી મરશે; નૃપતિની રહેમ દિલીનો એક વધુ પુરાવો પ્રજા સમક્ષ પ્રદર્શિત થશે તથા શૂળીનો ખરચાળ બોજો પણ ઘટી જશે. રાજા સાહેબે ખુશી થઇ આ સલાહ માન્ય રાખી.

હવે એક નાનકડો વાંધો જ બાકી રહ્યો. રાજ્યમાં આવા ભયંકર કેદીને પૂરી રાખવા માટે એકેય મજબુત કેદખાનું ન હતું. અલબત્ત, રખડતાં ઢોરોને પૂરી રાખવાનો એક નાનો વાડો હતો, જે ગાળાગાળી કે થોટ-થપડાકના ગુનેગારો માટે કાચી કેદ તરીકે કદી કદી ઉપયોગમાં લેવાતો. પણ આ ત્રાસદાયક ગુના માટે એ યોગ્ય શિક્ષાસ્થાન ન ગણાય. ઘણી તપાસને અંતે એક વૃદ્ધવિધવાના મકાનનો અર્ધભાગ ભાડે રાખી ત્યાં કેદીને રાખવો, એમ ઠર્યું. ત્યાં એક ચોકીદાર રખાયો; ચોકીદાર રાજરસોડેથી પોતાનું તથા કેદીનું ભાણું લઇ આવતો. અને ફાઝલ સમયમાં બંને સોગઠાબાજી રમતા. આમ એક વર્ષ ચાલ્યું.

વર્ષ પુરૂં થયે રાજ્યના નીપજ-ખર્ચનો હિસાબ તપાસતાં એ ચતુર રાજવીએ ખર્ચ-પાસામાં એક નવીન રકમ ઉમેરાયેલી જોઇ. એ કાંઈ નાની-સૂની રકમ ન હતી. કેદીની ઓરડીનું ભાડું, ચોકીદારનો પગાર, બંનેની ખાધા-ખોરાકી વિ. થઇ ૮૦૦) કોરી ખર્ચ થતો હતો.

નૃપતિ ખુબ ચિડાયા. 'આમ તો આનો કયારે ય અંત આવશે ! અત્યારે આ દુષ્ટ છે.

માંડ પચીસ વર્ષનો, ને છે રાતી રાણ જેવો. એ બીજાં પચાસ વર્ષ તો સહેજે કાઢી નાંખે! એવી રીતે ચાળીસ હજાર કોરી ખર્ચ આપણે માથે પડે એ કેમ પોસાય! પ્રધાનજીને બોલાવો.

પ્રધાનજીને હજુરે સ્પષ્ટ ફરમાવી દીધુંઃ 'આ કેદીના કોયડાનો કાંઈ સસ્તો ઉપાય શોધી કાઢો, પ્રધાનજી! અત્યારે આમ તો ગજબ ખર્ચ આવે છે.'

ફરી મંત્રીમંડળ મળ્યું અને આ ગૂંચવાતો પ્રશ્ન હાથ ધર્યો. વિદ્યામંત્રી બોલ્યા 'સદ્‌ગૃહસ્થો! મારા મતે આ ચોકીદારને રૂખસદ આપી, એ ખર્ચ કમી કરો.'

ન્યાયમંત્રીઃ 'તો ગુનેગાર કેદમાંથી નાસી જશે.'

મુખ્યમંત્રીઃ 'નાસી જાય તો ઘોળ્યો જાય! એક બલા ટળી! ખર્ચ તો બચશે!'

આ સીધોસાદો ઉકેલ રાજવી સમક્ષ પેશ કરવામાં આવ્યો અને રાજાસાહેબ એમાં સંમત થયા. પછી થોડા સમય સુધી આ બાબતનો કશો ઉપદ્રવ સંભળાયો નહિ. બરતરફ થયેલ ચોકીદારે કેદીને જેલની કૂંચી સોંપી ચાલતી પકડી. સાંજે ભોજન સમયે કેદી પોતે તાળું ખોલી ઓરડી બહાર આવ્યો; ત્યાંથી સીધો રાજરસોડે ગયો; ત્યાંથી ખાણું લઇ પાછો આવી પોતાની કેદમાં પુરાઈ નિરાંતે જમ્યો. ત્યારબાદ પછીના દિવસો દરમિયાન તેણે આ જ શાંત વર્તન ચાલું રાખ્યું. પણ તેની નાસી જવાની ઇચ્છા સરખી દેખાઇ નહિ.

હિસાબી વર્ષ આખરે ૪૦૦) કોરી કેદી ખાતે ખર્ચાતી જોઈ ફરી નૃપતિ ધૂંધવાયા 'એ કમબખ્ત નાસી કેમ જતો નથી? હવે તો તેને બોચીએ ઝાલીને કાઢવો પડશે! બોલાવો પ્રધાનજીને.'

નરપતિએ પ્રધાનજીને સ્પષ્ટ સૂચના આપી દીધી. મંત્રીમંડળ સમક્ષ કેદીને હાજર કરવામાં આવ્યો, મહામંત્રીજીએ કેદીને રોષપૂર્વક કહ્યુંઃ 'અમારે તો તારી કેટલીક માથાકુટ કરવી? કેમ નાસી જતો નથી? હવે તો તને કોઈ રોકનારે ય નથી. અને તું નાસી જા એમાં અમારે કાંઈ વાંધો યે નથી.'

કેદીએ મક્કમતાપૂર્વક કહ્યુંઃ 'તમારે તો ન હોય પણ મારે છે ને. મારે જવાનું ઠેકાણું યે ક્યાં રહેવા દીધું છે? દેહાંતદંડની સજા ફરમાવીને તમે સૌએ મારૂં જીવતર ધૂળ કરી નાખ્યું–મારૂં ચારિત્ર્ય સદાને માટે કલંકિત કરી મૂક્યું. હવે મને કોણ સંઘરે? વળી આ કેદખાનના આળસુ જીવને મને કામધંધો ભૂલવાડી દીધો. દીવાનસાહેબ! તમને સાફ કહી દઉં તો માફ કરજો પણ રાજ્યે મારી તરફ ખરાબ વર્તાવ રાખ્યો છે. રાજ્યે મને દેહાંતદંડની સજા ભલે ફરમાવી–કબુલ–પણ પછી રાજ્યનો ચોખ્ખો ધર્મ હતો કે, મને દેહાંતદંડ કરવો. પણ એ ધર્મ રાજ્યે ન બજાવ્યો; મેં એ વેઠી લીધું ને કશી ફરિયાદ ન કરી. પછી રાજ્યે પ્રપંચ કરી મને કેદખાનામાં પૂર્યો, મારે માથે ચોકીદાર બેસાડયો. મેં કહ્યુંઃ 'ચાલ જીવ! આ ય સહન કરી લે!' વળી એક વધારે અન્યાય કરી એ ચોકીદારને ય તમે બરતરફ કર્યો. હવે મારે પોતાને મારૂં ખાણું લઇ આવવું પડે છે. એ ય હું મૂંગે મોઢે સહન કરી રહું છું, પણ રાજ્યની ધૃષ્ટતાને હદ નથી. હવે તમે મને નાસી જવાનો હુકમ ફરમાવો છો? સાંભળો! ચોખ્ખું કહી દઉં છું કે, બધું બન્યું પણ આ નહિ બને. તમારાથી થાય એ કરી લ્યો પણ હું નાસી નહિ જાઉં.'

વર્ષ ૪ થું; **વિષય દર્શન** અંક ૧ થી ૧૨

## અંક ૧-૨ જો;


| | | |
|---|---|---|
| મંગલ પ્રભાતે | શ્રી અજ્ઞેય | ૧A |
| હિંદની ધરતી પર | ક૦ | ૧B |
| સંપાદકીય | સંપાદક | ૧C |
| નવી નજરે | શ્રી નિરીક્ષક | ૩ |
| જૈનશાસનની ઉપકારિતા ... ... | | |
| પૂ૦ મુનિરાજશ્રી રૂચકવિજયજી મ૦ | | ૬ |
| શ્રી મહાવીર અને ગાંધીજી ... ... | | |
| પૂ૦ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ૦ | | ૯ |


---

મંત્રીમંડળ ઉંડા વિચારમાં ગરકાવ થઈ ગયું. કોઇ ભયંકર અપરાધમાંથી મુક્તિ શોધતા હોય એવી ગંભીરતાપૂર્વક ધીમા સ્વરે તેઓ મંત્રણા કરવા લાગ્યા. બહુ વિચારને અંતે મહામંત્રીનો વિચાર સૌને સંમત થયો અને કેદીને ૮૦) કોરીનું વર્ષાસન આપી છૂટો કરવાનું ઠર્યું. જ્યારે કેદીને આ પ્રસ્તાવ જણાવવામાં આવ્યો ત્યારે તે બોલ્યો: ' ઠીક છે. જો નિયમિત રીતે પગાર મળે તો હું મારા વાંધા જતા કરૂં છું પણ અર્ધી રકમ વર્ષની શરૂઆતમાં જ અગાઉથી મને મળી જાય એ ગોઠવણ થવી જોઇશે. '

મંત્રીજીએ સંતોષપૂર્વક કહ્યું: ' એમ તો એમ, પત્યું ને ? '

આમ આ કુટ પ્રશ્નનો નિકાલ થયો. પેલા ખૂનકારે રાજ્યની હદથી સહેજ જ દુર એક નાનકડી વાડી ખરીદી અને શાકભાજી વેચી ગુજરાન ચલાવવું શરૂં કર્યું મહિનાની પહેલી તારીખે નિયમિત તે પગાર લેવા કચેરીમાં હાજર થતો; અને આમ તેણે તેનું શેષ આયુષ્ય સંપૂર્ણ શાંતિમાં વ્યતીત કર્યું.

[ ટોલસ્ટોયની એક વાર્તાનો ભાવાનુવાદ ]
કહાનીમાંથી સાભાર


| | | |
|---|---|---|
| મહાસાગરનાં મોતી ... ... | | |
| પૂ૦ આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦ | | ૧૧ |
| ન્યાય અન્યાયનો રૂપીઓ | —શ્રી સોમચંદ શાહ | ૧૩ |
| બે કથાનકો | —પૂ૦ આચાર્ય વિજયજમ્બૂસૂરિજી મ. | ૧૫ |
| યુવાવસ્થાનો સદુપયોગ | શ્રી પદ્મકુમાર | ૧૭ |
| મોક્ષમાર્ગનો ઉપાય | પૂ. પં. શ્રી પ્રવિણુવિજયજી મ. | ૨૧ |
| નમસ્કાર મહામંત્ર! | —શ્રી મફતલાલ સંઘવી | ૨૪ |
| જ્ઞાનગોચરી | સં૦ | ૨૬ |
| એનો વિચાર કર્યો ? | શ્રી શાસનસેવક | ૩૧ |
| **बिखरे फुल** | **—हिन्दी कल्याणमांथी** | ૩૨ |
| ધન્ય મહાપુરૂષો! | પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ. | ૩૪ |
| ભાતભાતની વાનગીઓ | શ્રી ચંદ્ર | ૩૭ |
| આધુનિક દશા ( સંવાદ ) ... ... | | |
| પૂ. મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મ. | | ૩૮ |
| સોનગઢના સ્વામીજી | —શ્રી દર્શક | ૪૧ |
| આપણાં તીર્થો | —શ્રી અભ્યાસી | ૪૫ |
| શંકા અને સમાધાન ... ... | | |
| પૂ. આચાર્યશ્રીમદ્ વિજયામૃતસૂરિજી મ. | | ૪૯ |
| આરાધનાનો માર્ગ ... .. | | |
| પૂ. આચાર્યશ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિજી મ. | | ૫૧ |
| નવા પુસ્તકોનું અવલોકન | —શ્રી સૌમ્ય | ૫૩ |
| કેળવણીની સફળતા | —શ્રી જેચંદલાલ નેમચંદ શાહ | ૫૫ |
| આપણી જૈન શિક્ષણ સંસ્થાઓ ... | | |
| શ્રી હીરાલાલ જી. શાહ | | ૫૭ |
| જીવનનું સાફલ્ય ટાણું | —શ્રી શોધક | ૬૦ |
| મારૂં ટાંચણ | —શ્રી નવનીતરાય વીરચંદ શાહ | ૬૧ |
| આ બધું જમીનમાં કાં દાટો છો?... ... | | |
| પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મ. | | ૬૨ |
| ઠામ ખરૂં આ ઠરવાનું ... ... | | |
| શ્રી વલ્લભજી રતનશી હીરાણી | | ૬૪ |
| છુપું માનવહૃદય | —શ્રી શરદીન્દુ બન્ધોપાધ્યાય | ૬૫ |
| મંગલભૂત ધર્મ ક્રિયાઓ ... ... | | |
| પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મ. | | ૬૯ |
| નવકાર ગીત | પૂ. મુનિરાજશ્રી કાંતિવિજયજી મ. | ૭૨ |
| આપ્તમંડળની યોજના | —કાર્યાલય તરફથી | ૭૩ |

કલ્યાણને મળેલો સત્કાર —જુદા જુદા ગૃહસ્થો ૭૬

અંક ૩ જો;

એકલો જાને ભૈયા! ક૦ ૭૭
આત્મધર્મ પ્રચારકની મનોદશા —શ્રી દર્શક ૭૮
હળવી કલમે —સંપાદક ૮૨
**बिखरे फुल** **हिन्दी कल्याण** ૮૪
નોંધપોથી શ્રી સૌમ્ય ૮૫
શીલની સુવાસ પૂ. પન્યાસશ્રી પ્રવિણુવિજયજી મ. ૮૭
પચરંગી સુરખો શ્રી ચંદ્રોદય ૯૦
મહાસાગરનાં મોતી ... ...
પૂ. આચાર્યશ્રી વિજયામૃતસૂરિજી મ. ૯૧
સુખ–દુઃખ —શ્રી મફતલાલ સંઘવી ૯૩
દ્રવ્યગુણપર્યાયનો રાસ ... ...
પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. ૯૪
જીવન–રથનાં બે ચક્રો ... ...
પૂ. પંન્યાસશ્રી પ્રવિણુવિજયજી મ. ૯૭
રેડ સીગ્નલ—શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ. ૯૮
ભારતમાં સંસ્કૃતિ શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ ૧૦૦
વૈરની પરંપરા પૂ. મુનિરાજશ્રી દીપવિજયજી મ. ૧૦૨
જૈનશાસનની અજોડતા —શ્રી કીર્તિ ૧૦૫
જ્ઞાન–ગોચરી —શ્રી ગવેષક ૧૦૬

અંક ૪ થો;

**सत्यं शिवं सुन्दरम्** ક૦ ૧૦૯
હળવી કલમે સંપાદક ૧૧૦
આત્મધર્મ સમીક્ષા શ્રી દર્શક ૧૧૨
મહાસાગરનાં મોતી ... ... ...
પૂ. આચાર્ય શ્રીવિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. ૧૧૭
[સં. શ્રી કપુરચંદ આર. વારૈયા]
સુવાકયોની રચના પૂ. પં.શ્રી પ્રવિણુવિજયજી મ. ૧૧૮
ધર્મ–રક્ષક તલવાર! ... ...
શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ ૧૨૦
નવી નજરે શ્રી સંજય ૧૨૩
હરીયાળી શ્રી પ્રકર્ષ ૧૨૭
સાહેબની સ્પેશ્યલ —શ્રી કનૈયાલાલ જ. રાવળ ૧૨૮
શત્રુંજયની ધરતી પર —શ્રી સોમચંદ શાહ ૧૩૩
આમ્ર ભદ્ર —શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ ... ...
પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. ૧૪૧
ચલચિત્રોની અવદશા ... ...
શ્રી ચંદુલાલ બી. સેલારકા ટાઇટલપેજ ૩

અંક ૫ મો;

હિન્દુશ્રેષ્ઠ જૈનો! જાગૃત બનો! —ક૦ ૧૪૩
સ્યાદ્‌વાદ માર્ગનો અપલાપ —શ્રી દર્શક ૧૪૪
સુવાકયોની પુષ્પમાળ ... ...
પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મ. ૧૪૮
હળવી કલમે —સંપાદક ૧૫૦
આપણાં તીર્થો : શેરીસાજી —શ્રી અભ્યાસી ૧૫૧
એમ કેમ કહેવાય? —શ્રી પ્રકર્ષ ૧૫૪
કળાની જ્યોતિ —શ્રી મફતલાલ સંઘવી ૧૫૫
અભિજાત કલ્પકો—શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૧૫૬
મહાસાગરનાં મોતી ... ... ...
પૂ. આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૧૫૯
અટપટો માર્ગ ... ... ...
પૂ. આચાર્યશ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. ૧૬૨
શત્રુંજયની ધરતી પર —શ્રી સોમચંદ શાહ ૧૬૩
આધુનિક જીવન —શ્રી સેવંતિલાલ મસાલીઆ ૧૬૬
હું કાકાને કીકાભાઈ —શ્રી ચાણકય ૧૬૭
વિનાશનાં તાંડવ —શ્રી પ્રદીપ ૧૭૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ... ... ...
પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. ૧૭૨
જાગો અને ચેતો ... ... ...
પૂ. મુનિરાજશ્રી ન્યાયવિજયજી મ. ૧૭૮

અંક ૬–૭ મો;

**अनधिकार चेष्टा** ક૦ ૧૭૯
કેટલાંક સંસ્મરણો ... ... ...
પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મ. ૧૮૦
નવી નજરે —શ્રી સંજય ૧૮૫
સોનેરી વાકયો ... ... ...
પૂ. પંન્યાસશ્રી પ્રવિણુવિજયજી મ. ૧૮૯
જૈન સમાજની પ્રગતિનો માર્ગ ... ...
પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મ. ૧૯૧
ચિંતન —શ્રી મફતલાલ સંઘવી ૧૯૪

વિનાશનાં તાંડવ —શ્રી પ્રદીપ ૧૯૬
ક્રાંતિકારી પગલું (!) —શ્રી પાનાચંદ શાહ ૨૦૧
વિચાર નોંધ —શ્રી ઉજમશી જુઠાભાઈ ૨૦૨
જ્ઞાન ગોચરી —સં૦ ૨૦૩
મહાસાગરનાં મોતી—શ્રી વલ્લભજી ભાણજી મ્હેતા ૨૦૫
પુત્રથી દુભાયેલા પિતાની કહાણી શ્રી વિહંગમ્ ૨૦૬
કચુમ્બરનો થાળ —શ્રી ચંદ્ર ૨૦૮
મુને લેઈજા સામી પાર —અજ્ઞેય ૨૧૦
સંપાદકીય —સંપાદક ૨૧૧
લોકપ્રિયતાનો મદ —પ્રજ્ઞાંશુ ૨૧૨
કુદરત કેમ સહન કરે ! ... ...
શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ. ૨૧૫
જીવન નૈયા શ્રી રૂચક ૨૧૬
સાચી સ્વતંત્રતા —શ્રી કાંતિલાલ હ. શાહ ૨૧૭
રણજીતસિંહ શ્રી પદ્મકુમાર ૨૧૯
ઐકયતાનો સંદેશ ... ... ...
પૂ.આચાર્યશ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. ૨૨૧
અહિંસાથી સ્વતંત્રતા ... ... ...
પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ. ૨૨૩
સાચો આત્મધર્મ —શ્રી વીરભક્ત ૨૨૪
નવા પુસ્તકોનું અવલોકન —શ્રી સૌમ્ય ૨૨૬
ઉદેપુરના મહારાજાનું આપખુદી પગલું ...
—શ્રી સોમચંદ શાહ ૨૨૭
હરિજન મંદિર પ્રવેશ બીલ ... ...
શ્રી શાંતુભાઈ સારાભાઈ ઝવેરી ૨૩૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ ... ... ...
પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. ૨૩૨
શ્રી ચતુર્વિધ સંઘની જવાબદારી—શ્રી નિર્મળ ૨૩૪
પ્રજાકીય સરકારને શોભે નહિ ... ...
પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મ. ૨૩૬
શ્રી કેશરીયાજી તીર્થને અંગે —શ્રી પ્રદીપ ૨૩૯
રત્ન–કણિકાઓ —શ્રી હીરાલાલ જી. શાહ ૨૪૧
વાણીનો સંયમ —અંગ્રેજી પરથી ૨૪૨
આશ્રમંડળની યોજના —કાર્યાલય તરફથી ૨૪૩

અંક ૮ મો;

માનવ જાતનું કલંક —ક૦ ૨૫૧
જીવતો ગયો પણ રંગતો રહ્યો —શ્રી પ્રશાંત ૨૫૨
ભીંત પાછળનું પણ જ્ઞાન નથી —શ્રી દર્શક ૨૫૫
મહાસાગરનાં મોતી ... ... ...
પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરિજી મ. ૨૫૯
હિંદની આઝાદી —શ્રી નિર્મળ ૨૬૦
પરંપરાના સમ્બન્ધો ... ... ...
પૂ૦ પંન્યાસ શ્રી કલ્યાણવિજયજી મ. ૨૬૨
જૈન દર્શન અને તેના વારસદારો ...
—શ્રી મફતલાલ સંઘવી ૨૬૪
મુખે હવે ન જ શોભે ! ... ...
શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ એમ. એ. ૨૬૭
સાહિત્ય સર્જન ... ... ...
પૂ૦ આ. શ્રી વિજયભૂવનતિલકસૂરિજી મ. ૨૬૯
હળવી કલમે —સંપાદક ૨૭૧
સાચો આત્મધર્મ ... ... ...
પૂ૦ મુનિરાજ શ્રી મનકવિજયજી મ. ૨૭૩
પ્રત્યાખ્યાનોનું મહત્ત્વ ... ...
પૂ૦ પંન્યાસ શ્રી પ્રવિણવિજયજી મ. ૨૭૫
છોડ દે સબ જંજાલ —શ્રી કીર્તિ ૨૭૭
તપનો માર્ગ સમાધિને આપે છે. ...
—શ્રી પાનાચંદ ઝવેરી ૨૭૮
સંસ્કૃતિનું રક્ષણ —શ્રી મગનલાલ ડી. શાહ ૨૮૦
નવયુગની આશાઓ શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૨૮૩
એકલી ક્રિયા કે એકલા જ્ઞાનથી મોક્ષ નથી.
—પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ. ૨૮૪
કેટલાંક સંસ્મરણો ... ... ...
પૂ૦ મુનિરાજ શ્રી કનકવિજયજી મ. ૨૮૬
અધિકાર વિનાની ચેષ્ટાઓ ... ...
પૂ૦ મુનિરાજ શ્રી રૂચકવિજયજી મ. ૨૮૯

અંક ૯ મો;

દીવાળી પર્વની ઉજવણી —ક૦ ૨૯૧
મહાસાગરનાં મોતી ... ... ...
પૂ૦ આ. શ્રી વિજયામૃતસૂરિજી મ. ૨૯૨
ધન્ય એ મહર્ષિને ... ... ...
પૂ૦ મુનિરાજ શ્રી. કીર્તિવિજયજી મ. ૨૯૩
એકડા વિનાનાં મીંડા —શ્રી નિર્મળ ૨૯૫
કેટલાંક ટંકશાળી વચનો ૨૯૭
સુવાક્યોની ફુલમાળ —શ્રી હીરાલાલ જી. શાહ ૨૯૮